ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી / અભ્યાસક્રમ / 2012 / 894-95, તા. 24-1-2012 - થી મંજૂર

# ગુજરાતી

## ધોરણ 7

## (પ્રથમ સત્ર)

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

નિર્માણ
ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ,
ગાંધીનગર

મુદ્રણ
ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ,
ગાંધીનગર

© ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક્ક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરને આધીન છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકશ્રીની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**નિર્માણ-સંયોજન :**
ડૉ. ટી. એસ. જોશી
હરેશ ચૌધરી
ઇકબાલ વૉરા
ચંદ્રેશ પાલ્લીઆ

**કન્વીનર અને સંયોજક :**
ડૉ. રાઘવજી માધડ

**લેખન-સંપાદન :**
કિશોરભાઈ પાર્થ
ડૉ. ભીખુભાઈ વેગડા
મીનેશકુમાર વાળંદ
જિજ્ઞેશપુરી ગોસ્વામી
મહંમદરફીક મનસુરી
પ્રકાશભાઈ ભટ્ટી
નીતાબહેન ઉપાધ્યાય
મધુસૂદન ઠક્કર
રતનબહેન પરમાર
પ્રવીણભાઈ મચ્છોયા
મનીષભાઈ સુથાર
સુરેશભાઈ નાગલા
સુભાષભાઈ હરિજન
કપીલાબહેન ચૌધરી
મહેન્દ્રભાઈ મકવાણા
ભગવાનદાસ દૂધરેજિયા
ઉદયકુમાર દેસાઈ
કલ્પેશ પટેલ
દક્ષાબહેન ગજ્જર
દિનેશભાઈ પ્રજાપતિ
નટવરભાઈ સુથાર
રમેશભાઈ ત્રિવેદી
હસમુખ પટેલ
જિતેન્દ્ર કાપડિયા
નિમેષ ટેલર
અમરતભાઈ રબારી
મણિલાલ લાડ
વિનોદરાય ઓઝા
વિક્રમભાઈ શિયાળ
મયૂરીબહેન ચૌહાણ
જ્યોત્સ્નાબહેન બોરાણિયા
દીપા ભટ્ટાસણા

**પરામર્શન :**
ડૉ. યોગેન્દ્ર વ્યાસ
ડૉ. રમેશ ઓઝા
ડૉ. રમેશ પંડ્યા
ડૉ. લાલજી પ્રજાપતિ

**ચિત્રાંકન :**
લાલજીભાઈ જે. કણઝરિયા
રાજેન્દ્ર વસાવા
જેઠાભાઈ ટાંક
દિનેશભાઈ જોશી
વનમાળીભાઈ ડોડિયા
તુષાર દલવી

**ટાઇટલ ડિઝાઇન :**
ધર્મેશ જે. ચાવડા

**મુદ્રણ-આયોજન :**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

RTE-2009 તેમજ NCF-2005ને ધ્યાનમાં રાખીને સમગ્ર દેશમાં પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકો તેમજ સમગ્ર શિક્ષણ-પ્રક્રિયામાં બદલાવ થઈ રહ્યો છે. આ બદલાવ મુખ્યત્વે જે-તે વિષયો અંગેની આપણી સમજ તેમજ શિક્ષણ-પ્રક્રિયા અંગેની સમજ અંગેનો છે. બાળકની સર્જનશીલતા, વિચારશક્તિ, તર્કશક્તિ અને પૃથક્કરણ કરવાની આવડત વિકસે એ નવા અભ્યાસક્રમનો મુખ્ય હેતુ છે. આ પાઠ્યપુસ્તકોમાં આપવામાં આવેલી પ્રવૃત્તિઓ એવી રીતે યોજવામાં આવી છે કે જેથી પ્રવૃત્તિ પછી એ અંગે ચર્ચા અથવા ચિંતન થાય, ઉપયોજન થાય અને શું શીખ્યાં એ પણ તારવી શકાય. બાળકોને અવારનવાર વ્યક્તિગત રીતે તેમજ સામૂહિક રીતે નાનાં કે મોટાં જૂથમાં કામ કરવાનો - ભણવાનો અવસર મળે એવી અધ્યયન-પ્રક્રિયામાં મદદરૂપ બને એવાં પાઠ્યપુસ્તકો બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. અલબત્ત, નવા અભ્યાસક્રમ મુજબ પાઠ્યપુસ્તક પોતે પણ આખરે તો એક અધ્યયન-સામગ્રી છે, લક્ષ્ય નથી. મતલબ કે સાધન છે, સાધ્ય નથી. તેથી પાઠ્યપુસ્તક પોતે સમગ્ર શિક્ષણનું સાધન ન જ બની શકે તેમ છતાં એવું જરૂરી કહી શકાય કે પ્રવૃત્તિલક્ષી શિક્ષણની આ તરાહ કદાચ સૌ પ્રથમવાર પ્રયોજાઈ રહી છે. આશા છે કે આ પાઠ્યપુસ્તકોના ઉપયોગ દ્વારા અધ્યયન-અધ્યાપન-પ્રક્રિયા સરળ તેમજ રોચક બનશે.

નવા અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકોના નિર્માણની સમગ્ર પ્રક્રિયામાં માન.અગ્રસચિવશ્રી તેમજ પ્રાથમિક શિક્ષણ સચિવશ્રી તરફથી સતત પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહ્યાં છે.

આ સમગ્ર પ્રક્રિયામાં IGNUS-erg ટીમના સભ્યોએ પણ સતત માર્ગદર્શન આપતા રહીને સ્ટેટ રિસોર્સ જૂથના સભ્યોને સજ્જ બનાવ્યા છે. UNICEFનો સહયોગ પણ આ આખી પ્રક્રિયા દરમિયાન મળ્યો છે. જે-તે વિષયના કોર ગ્રૂપના સભ્યોએ પણ વખતોવખત સહયોગ આપ્યો છે.

એક વર્ષની અજમાયશ પછી સમગ્ર રાજ્ય માટે તૈયાર થયેલાં ધોરણ 6થી 8નાં આ પાઠ્યપુસ્તકોને ક્ષતિરહિત બનાવવાનો પ્રયત્ન કર્યો છે. છતાં ક્ષતિ રહી ગઈ હોય તો ધ્યાન દોરવા વિનંતી છે.

**ડૉ. ટી.એસ.જોષી**
નિયામક
જી.સી.ઇ.આર.ટી.
ગાંધીનગર

**પી. ભારતી (IAS)**
નિયામક
ગુ.રા.શા.પા.પુ.મંડળ
ગાંધીનગર

તા. 04-11-2019

**પ્રથમ આવૃત્તિ :** 2013 **પુનઃમુદ્રણ :** 2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019, 2020
**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી
પી. ભારતી, નિયામક
**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી.

* ભારતનું સંવિધાન : કલમ 51-क


# અનુક્રમણિકા

N2B8Y1


| અ.નં. | કૃતિ | પ્રકાર | કવિ/લેખક | પા.નં. |
|---|---|---|---|---|
| 1 | મેળામાં | ચિત્રપાઠ | - | 1 |
| 2 | આજની ઘડી રળિયામણી | પદ્ય (ભક્તિગીત) | નરસિંહ મહેતા | 4 |
| 3 | પરીક્ષા | ગદ્ય (બોધકથા) | પન્નાલાલ પટેલ | 10 |
| 4 | બે ખાનાંનો પરિગ્રહ | ગદ્ય (પ્રસંગવર્ણન) | મનુબહેન ગાંધી | 19 |
| 5 | રાનમાં | પદ્ય (પ્રકૃતિગીત) | ધ્રુવ ભટ્ટ | 25 |
| | પુનરાવર્તન 1 | | | 30 |
| 6 | ભીખુ | ગદ્ય (સંવેદનકથા) | 'ધૂમકેતુ' | 32 |
| 7 | જીવનપાથેય | ગદ્ય (આત્મકથાખંડ) | કાકા કાલેલકર | 40 |
| 8 | માલમ હલેસાં માર | પદ્ય (લોકગીત) | - | 47 |
| 9 | બાનો વાડો | ગદ્ય (નિબંધ) | પ્રવીણ દરજી | 52 |
| 10 | વલયની અવકાશી સફર | ગદ્ય (વિજ્ઞાનકથા) | કિશોર અંધારિયા | 59 |
| | પુનરાવર્તન 2 | | | 67 |

M5Y4M5

# 1 મેળામાં



## અભ્યાસ

### 1. નીચેના શબ્દજૂથોમાંથી માન્ય શબ્દની નીચે લીટી કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| રમકડાં | - | રકમડાં | આઈસક્રીમ | - | આસકરીમ |
| મેરો | - | મેળો | ફરકડી | - | ફળકરી |
| ચકરડી | - | ચકરળી | મદારી | - | મદાડી |
| ચગડોર | - | ચગડોળ | લાકરી | - | લાકડી |

### 2. આ ચિત્રપાઠના આધારે શિક્ષકે બોલેલાં વાક્યો ફરી લખો.

(1) લઈ જાઉં આજે મેળામાં ચાલો હું તમને.

(2) મેળામાં મજા કરીશું જઈ.

(3) દુકાનો છે મેળામાં ઘણી.

(4) ચકર ચકર ફરતી છે ચગડોળ મેળામાં.

(5) એક ફુગ્ગાવાળો વેચે છે ફુગ્ગા રંગબેરંગી.

(6) દોરડા પર નટ લાકડી ચાલે છે લઈને.

(7) સાપનો ખેલ બતાવે મદારી છે.

(8) આઈસક્રીમની માણી રહ્યા છે મજા લોકો કેટલાક.

(9) વિવિધ છે મીઠાઈઓ મીઠાઈની દુકાનમાં.

(10) રમકડાં ખરીદી રહ્યાં છે બાળકો કેટલાંક.

### 3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(1) મેળામાં કેટલી દુકાનો દેખાય છે ? તેનાં નામ કહો.

(2) દોરડા પર ચાલતા નટના હાથમાં શું છે ?

(3) મદારી શું વગાડે છે ?

(4) કેટલાં બાળકો રમકડાં ખરીદી રહ્યાં છે ?

## સ્વાધ્યાય

D4U4F6

1. તમને મનપસંદ ચિત્રની મદદથી આઠ-દસ વાક્યો લખો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

2. વર્તમાનપત્રો કે સામયિકોમાંથી વાર્તાચિત્રો મેળવી તેના પરથી એક વાર્તા લખો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................


### પ્રવૃત્તિઓ

- શાળા પુસ્તકાલયમાંથી ચિત્રવાર્તાની પુસ્તિકાઓ મેળવી વાંચો.
- કોઈ એક મેળાની મુલાકાત લો અને જુદી જુદી જગ્યાએ ભરાતા મેળાઓ વિશે અંક તૈયાર કરો.
- 'ચાલો જોવા જઈએ મેળો' કાવ્યનું સમૂહગાન કરો.

# 2 આજની ઘડી રળિયામણી

**નરસિંહ મહેતા**


A9C9X9



નરસિંહ મહેતાનો જન્મ ભાવનગર જિલ્લાના તળાજા ગામમાં થયો હતો. તેમના વિશે ઘણી માન્યતાઓ પ્રચલિત છે. નરસિંહ મહેતા જૂનાગઢમાં રહેતા હતા. તેમણે આખું જીવન ભક્તિ-કીર્તનમાં વિતાવ્યું હતું. સંત કવિઓમાં તેમનું માનભર્યું સ્થાન છે.

'આજની ઘડી રળિયામણી' સુંદર ભક્તિગીત છે. આ ગીતમાં એક સખી અન્ય સખીઓને વહાલાજીના આવવાના સમાચાર આપે છે. કોઈ મહેમાન આવવાના હોય ત્યારે યજમાન જે તૈયારી કરે એવી તૈયારી અહીં પ્રભુના આવવાની રાહ જોતી સખીઓ કરે છે. આખુંય વાતાવરણ ભક્તિમય, સ્વાગતભર્યું અને ઉત્સાહમય બની રહે છે.

સખી, આજની ઘડી રળિયામણી;
મારો વહાલોજી આવ્યાની વધામણી જી રે. સખી....
સખી, આલાલીલા વાંસ વઢાવીએ;
મારા વહાલાજીના મંડપ રચાવીએ જી રે. સખી....



તરિયાતોરણ બારે બંધાવીએ;
મોતીડે ચોક પુરાવીએ જી રે. સખી....
ગંગાજમનાનાં નીર મંગાવીએ;
મારા વહાલાજીનાં ચરણ પખાળીએ જી રે. સખી....
સહુ સખીઓ મળીને આવીએ;
વહાલાજીનાં મંગળ ગવરાવીએ જી રે. સખી....
પૂરો પૂરો, સોહાગણ, સાથિયો;
ઘેર મલપતો આવે હરિ હાથિયો જી રે. સખી....
અતિ મીઠડા થકી થાય મીઠડો;
મહેતા નરસૈયાનો સ્વામી મેં દીઠડો જી રે. સખી....

## શબ્દ-સમજૂતી

**વહાલાજી** (અહીં) શ્રીકૃષ્ણ **આલુંલીલું** થોડું લીલું-થોડું સૂકું, લીલુંસૂકું, (અહીં) ઉમદા પ્રકારના લીલા **તરિયાતોરણ** ત્રણ જાતનાં (આસોપાલવ, આંબો, નાળિયેર) પાનનું તોરણ, જેમાં સાથે કસબના તારનું (કપડાનું) તોરણ પણ શોભા વધારવા માટે હોય છે. (અહીં) શોભાનાં તોરણ એ અર્થમાં **બાર** (અહીં) બારણું, દ્વાર, **મંગળ** શુભ પ્રસંગે ગવાતું ગીત **સોહાગણ** સૌભાગ્યવતી, સધવા, સૌભાગ્યવંતી (જેનો પતિ હયાત હોય તેવી સ્ત્રી) **મલપતું** ઉમંગમાં ઠાઠથી ધીમે ધીમે ચાલતું **રળિયામણું** સુંદર **ઘડી** ક્ષણ, પળ **ચોક પૂરવા** ચોકમાં સાથિયા પાડવા **હરિ હાથિયો** હાથીની જેમ મલપતી ચાલે આવતા શ્રીકૃષ્ણ

## ભાષા-સજ્જતા

### ઉચ્ચારણ

❀ **મોટેથી વાંચો.**

ળ-ર-ડ-લ

કમળ, બાળ, જળ, બાળક, નળ, બળ, કાળ, ખોળ, ખળખળ

✽ નીચેનાં શબ્દ-જોડકાં વાંચી બંનેના જુદા-જુદા અર્થ સમજો.

| | | |
|---|---|---|
| નળ-નર | વાળ-વાર | જાળ-જાર |
| પાળ-પાર | કાળ-કાલ | ગાળ-ગાર-ગાલ |
| વળ-વર | માળી-મારી | વાળ-વાર-વાલ |
| લાલ-લાળ | | |

✽ મોટેથી વાંચો.

(1) સખી, આજની ઘડી રળિયામણી-સખી, આજની ઘડી રળિયામણી.

(2) સહુ સખીઓ મળીને આવીને-સહુ સખીઓ મલીને આવીએ.

(3) પક્ષીઓનું ટોળું વાયરાની પાછળ પડ્યું-પક્ષીઓનું ટોરું વાયરાની પાછર પડ્યું.

(4) અમને ઓછી શિષ્યવૃત્તિ મળવાની છે ? - અમને ઓછી શિષ્યવૃત્તિ મલવાની છે ?

(5) મહાદેવમાં અધીરાઈ ને અકળામણ વધવા લાગી-મહાદેવમાં અધીરાઈ ને અકરામણ વધવા લાગી.

સારી ભાષા સૌને ગમે. જેનાં ઉચ્ચારણો સારાં તેની ભાષા સારી. બોલવામાં આપણે ઘણીવાર **'ળ'**ને બદલે **'ર'** કે **'ળ'**ને બદલે **'લ'** અને **'ળ'**ને બદલે **'ડ'**નું ઉચ્ચારણ કરીએ છીએ.

ઉપરનાં વાક્યો વાંચતાં આપણને આ બાબતનો વધુ ખ્યાલ આવે છે. જો આવી કેટલીક બાબતો વિશે આપણે ચીવટ રાખીએ તો આપણી ભાષા વધુ અસરકારક બને.

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ-અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) ગંગા-જમનાનું નીર મંગાવવાનું કારણ... ☐

(ક) ચોકમાં છાંટવા (ખ) પવિત્ર પાણી પીવા માટે

(ગ) ભગવાનના સ્નાન માટે (ઘ) પગ પખાળવા

(2) અહીં કાવ્યમાં ''પૂરો પૂરો'' એટલે... ☐

(ક) ભરો (ખ) સંપૂર્ણ (ગ) આખે આખો (ઘ) દોરો

(3) અહીં નરસૈયાનો સ્વામી એટલે... ☐

(ક) કૃષ્ણ (બ) સખી (ગ) ભગવાન (ઘ) હાથિયો

## 2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર આપો.

(1) ગોપીને આજની ઘડી રળિયામણી શા માટે લાગે છે ?

(2) વહાલાજી માટે શાનો મંડપ બનાવવામાં આવી રહ્યો છે ?

(3) તરિયાતોરણમાં કયાં-કયાં વૃક્ષોનાં પાંદડાં હોય છે ?

(4) સખી ગંગા-જમનાનાં નીર શા માટે મંગાવે છે ?

(5) ગોપીને સૌથી વધારે વહાલું કોણ છે ?

Y7S5B1

## સ્વાધ્યાય

## 1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.

(1) તમે તમારા ઘરને કોઈ ખાસ રીતે શણગારો છો ? ક્યારે ક્યારે ? કેવી રીતે ?

(2) તમારા ઘરે કોઈ મહેમાન આવે એ પહેલાં તમે કઈ-કઈ તૈયારી કરો છો ?

(3) કવિ વાંસ વઢાવવાનું શા માટે સૂચવે છે ?

(4) 'ચરણ પખાળીએ'ને બદલે 'પગ ધોઈએ' એવો વાક્યપ્રયોગ કરીએ તો ?

## 2. નીચેની કાવ્યપંક્તિ પૂર્ણ કરો.

(1) સખી, આજની ઘડી રળિયામણી;

મારો વહાલોજી આવ્યાની વધામણી જી રે. સખી.....

..........................................................................

..........................................................................

(2) તરિયાતોરણ બારે બંધાવીએ;

મોતીડે ચોક પુરાવીએ જી રે. સખી.....

.......................................................................

.......................................................................

**3. ઉદાહરણ મુજબ શબ્દોનો પંક્તિપ્રયોગ અને વાક્યપ્રયોગ કરો.**

| ઉદાહરણ : પંક્તિપ્રયોગ | વાક્યપ્રયોગ |
|---|---|
| સખી, આજની ઘડી રળિયામણી | બે ઘડીમાં હું પહોંચું છું. |

ઘડી, વાંસ, મોતીડે, નીર, મંગળ, સોહાગણ

**4. કાવ્યમાં આવતા શબ્દોને સ્થાને અહીં આપેલ શબ્દો મૂકીને કાવ્ય ફરીથી વાંચો અને કાવ્યમાં શો ફેર પડ્યો તે લખો.**

| | |
|---|---|
| ઘડી - પળ | મંગળ - ગીત |
| વાંસ - શેરડી | મલપતો - હાલતો ડોલતો |
| ચોક - બારણું | નીર - પાણી |

**5. સમાનાર્થી શબ્દો આપી ઉદાહરણ મુજબ વાક્યપ્રયોગ કરો.**

**ઉદાહરણ :** નીર - પાણી, જળ

**વાક્ય :** ગંગા જમનાનાં નીરથી વહાલાજીનાં ચરણ પલાળીએ.

(1) ચરણ - ..........................................................................

(2) સ્વામી - ..........................................................................

(3) સખી - ..........................................................................

(4) મંગળ - ..........................................................................

**6. નીચેના શબ્દોમાં 'શ' અને 'સ'ના માન્ય ઉચ્ચારણ નીચે લીટી દોરો.**

(1) નરશૈયો - નરસૈયો

(2) પૈસા - પૈશા

(3) શાવરણી - સાવરણી

(4) સખી - શખી

### પ્રવૃત્તિઓ

- વર્ગ અને શાળા સુશોભન કરો.
- સ્વાગત ગીત-અંક તૈયાર કરો.


•

# 3 પરીક્ષા

P8R7H8

**પન્નાલાલ પટેલ**

**જન્મ : ઈ. સ. 1912 મૃત્યુ : ઈ. સ. 1988**



પન્નાલાલ નાનાલાલ પટેલનો જન્મ માંડલી (હાલ રાજસ્થાનમાં આવેલા) ગામમાં થયો હતો. તેમણે ઈડરમાં રહી માત્ર ચાર અંગ્રેજી ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો, તેમ છતાં ગુજરાતી સાહિત્યના પ્રથમ પંક્તિના સર્જક તરીકે નામના મેળવી હતી. તેમણે ‘વળામણાં’, ‘મળેલા જીવ’ અને ‘માનવીની ભવાઈ’ જેવી નવલકથાઓ તથા ‘સુખદુ:ખના સાથી’, ‘વાત્રકને કાંઠે’, ‘ઓરતા’ જેવા વાર્તાસંગ્રહો આપ્યા છે.

ગ્રામજીવનનું નિરૂપણ કરવામાં પન્નાલાલ સફળ રહ્યા છે. તેમના સર્જનને ધ્યાનમાં રાખી તેમને ‘રણજિતરામ સુવર્ણચંદ્રક’ તથા ‘ભારતીય જ્ઞાનપીઠ’ પુરસ્કાર પ્રાપ્ત થયેલા છે.

ખેતરમાં પેસેલા ઢોરને કાઢવા જતાં પરીક્ષામાં મોડો પડેલો મહાદેવ ઈમાનદારીની પરીક્ષામાં પાસ થતો હોવાથી ઈન્સ્પેક્ટર એને પરીક્ષામાં બેસવા દે છે. આ વાત અહીં રસપ્રદ રીતે કહેવાઈ છે.

---

સૂર્ય ઊગ્યો. ઘઉં ચણાના મોલ ઉપર સોનું છાંટવા લાગ્યો...

વસંતનો વાયરો મોલ ઉપરનું સોનું સાંભરવા માંડ્યો...

પક્ષીઓનું ટોળું વાયરાની પાછળ પડ્યું. પાંખોનો વીંજણો વીંઝતું હવામાંનું સોનું ધરતી ઉપર પાછું ધકેલાતું હતું...

ગામમાંથી ગાયભેંસનું ધણ છૂટ્યું. ધરતી ઉપર વેરાયેલું સોનું મોઢે મોઢે ફંફોળતું જતું ખાતું હતું.


શાળાએ જવા છોકરાં હાલ્યાં, મોલ જોતાં, હવા ખાતાં, પક્ષીઓના માળા પાડતાં, ખેતર શેઢેથી પસાર થતી રૂપેરી પગદંડી પર સોનેરી પગલાં પાડતાં...

એક છોકરો બોલી ઊઠ્યો : ‘ઉપાડો પગ. આજે મારે પરીક્ષા આપવાની છે. ઈન્સ્પેક્ટર સાહેબ કાલના આવેલા છે.

‘તારે આપવાની છે. અમારે શું ?’ ચારેયમાં મોટો છોકરો મશ્કરીમાં બોલી ઊઠ્યો.

‘અમને ઓછી શિષ્યવૃત્તિ મેળવવાની છે ?’ ત્રીજાએ ટાપસી પૂરી.

‘તમે અરજી કરો તો તમનેય મળે.’ ઉમેર્યું : ‘પણ તમે કાંઈ મારા જેવા ગરીબ નથી.’ પહેલો બોલ્યો.



'પણ તને જ ક્યાં મળી છે ?' તમારા દસની પરીક્ષા લેશે ત્યારે ને મહાદેવ ?' વડાએ કહ્યું. 'ને કેમ જાણ્યું કે પહેલા ત્રણમાં તું આવીશ ?' ચોથોય વાતમાં પડ્યો.

'એમ તો નહીં પણ પહેલો આવીશ' મહાદેવે સગર્વ કહ્યું.

'કહેવાય નહીં હોં, મહાદેવ.' વડાએ કહ્યું. 'આડે દિવસે દોડે ને દશેરાએ ઘોડું નય દોડે !'

'ન શું દોડે ? એવી પાટી મેલાવું કે –'

ત્રીજો વચ્ચે બોલ્યો : 'મણિયાને તું કમ ન જાણતો. છઠ્ઠા(ધોરણ)માં પહેલે નંબરે આવ્યો જ હતો ને વળી ?'

'એ તો હું માંદો –'

ચોથો બોલી ઊઠ્યો : 'ને નટુડો ઓછો છે કે ? એમાં પાછા એના બાપા હેડમાસ્તર છે.'

બીજાએ ત્રીજી વાત કરી : 'મને તો લાગે છે બચુડાના મામા મામલતદાર છે તેથી એને તો મળવાની જ.'

'ને ધનશંકરના માસા ? એ જ મને કહેતો હતો કે વિદ્યાધિકારીના હેડક્લાર્ક છે. એમના જ હાથમાં બધું.'

મહાદેવ ન ડગ્યો : 'ના રે ના. એવું હોત તો પરીક્ષા જ ન લેત. ખાલી તમે ઘોડાં દોડાવો છો.'

વડાએ કહ્યું : 'ઠીક ભાઈ, જોઈએ છીએ ને ! મામાનું ઘર કેટલે દીવો બળે એટલે.'

'હા હા દીવો બળે એટલે ! પહેલો નંબર લાવું.' મહાદેવ તાનમાં હતો.

'સારું તો તો, કેમ ભાઈ શંકા ?' ત્રીજાએ વડા પાસે ટેકો માગ્યો.

'હાં વળી. આપણા ગામનું નાક રહેશે. પહેલો આવીશ તો દર મહિને પંદર (રૂપિયા), બીજાને દસ ને ત્રીજો આવીશ તોય - પાંચ. પાંચેય ક્યાં છે ગાંડા !'

ત્રીજાએ લાગ સાધ્યો : 'ને આપણને ઉજાણી મળશે.' ચોથાએ પાકું કર્યું : 'હેં ને મહાદેવ ?'

'નક્કી જાઓ.' મહાદેવ મંજૂર થયો...

આ રીતે આ ચારેય છોકરા જીભના ઝપાટા મારે છે ને ચાલી રહ્યા છે. અડખે-પડખે લળી રહેલી ઉંબીઓને પસવારતા જાય છે. મોલ ઉપર બેસવા જતાં પક્ષીઓ ઉડાડતા જાય છે. દૂર દેખાતાં ઝાડનાં ઝુંડમાં નિશાળ સામે લાંબી નજર નાખી લે છે. ચારે દિશે પથરાઈ રહેલા મોલની ઉપર નજર એમની ફરતી રહે છે...

એકાએક મહાદેવની નજર થંભી જાય છે. અટકીને ઊભો રહે છે. બોલી પડે છે : 'ખાઈ જવાની !'

પેલા ત્રણેય અટકે છે. મહાદેવની નજર ભેગી નજરને ગૂંથે છે. પેલી બાજુના ખેતર તરફ જુએ છે. પાણી સરખો કૂંળો કૂંળો ઘઉંનો મોલ છે. સારસ પક્ષી તરતું હોય એવી એક ગાય છે. ધીમે ધીમે ચાલે છે ને ખાતી જાય છે.

'કાપલો કાઢી નાખવાની !' મહાદેવના પગ જમીન સાથે જડાઈ ગયેલા લાગતા હતા.

'તારી માસીના ખેતરમાં લાગે છે.' શંકાએ અટકળ કરી.

ત્રીજાએ કહ્યું : 'શેઢા પર છે.'

મહાદેવ વિચારમાં હતો. બોલ્યો તે પણ વિચારતો હોય એવી રીતે : 'આ પા કે પેલી પા. પણ ખાવાની તો ઘઉં જ ને !'

ગામ તરફ એણે નજર દોડાવી. દૂર કોઈ માણસને જોયું. બૂમ પાડીને કહેવા લાગ્યો : 'એ મારી માસીને ત્યાં કહેજો કે ગાય –' વળી થયું : 'ક્યારે આવશે ને ક્યારે હાંકશે ? એટલામાં તો કાપલો કાઢી નાખશે !'

મહાદેવે શંકા સામે દફતર ધર્યું, 'લે ને શંકા. ગાયને હું હાંકતો આવું.'

શંકાએ દફતર લીધું. યાદ આવ્યું : 'તારે લ્યા પરીક્ષા છે ને -'

'આવ્યો આમ. મહાદેવે પાટી લગાવી. મોલ ઉપર ઊડતી ઊડતી સમડી જતી હોય એવું એનું માથું દેખાતું હતું. કહેતો હતો : 'તમ તમારે હેંડતા થાઓ. આવ્યો હું તો આમ !'

હરાયું ચરેલી ગાય ! મસ્તાન હોય એમાં નવાઈ શી ?

મહાદેવ મન કરીને ઢેફાં મારે પણ ચરબીભરી ગાયને તો લાડનાં લટકાં હતાં. એટલામાં સોટું પણ ન હતું. શેઢા ઉપરથી આકડાનો એક ડોરો ભાંગ્યો. પણ ગાયને તો ચમરી જાણે શરીર પરથી માખો જ ઉડાડતી હતી.

માંડ માંડ માસીનું ખેતર વટાવ્યું. તો બીજું પાછું કાકાનું આવ્યું. કાકા ખારીલા હતા. ‘પણ એટલે કાંઈ ગાયને ઘઉં ખાવા દેવાય ?’

તો ત્રીજું ખેતર ગામના એક ગરીબનું હતું. મહાદેવને થયું : ‘ના, ના, નારજીકાકાને આ આટલું એક ખેતર છે ને - કાપલો કાઢી નાખશે !

ને વળી ગાયને આગળ હાંકી...મહાદેવમાં અધીરાઈ ને અકળામણ વધવા લાગી...

એક લાકડું હાથમાં આવતાં ગાયને ઝૂડવા માંડી. ગાયે મારવાનો ઈરાદો હોય એ રીતે મહાદેવ સામે જોયું, પણ છોકરો એને મારવા સરખો ન લાગ્યો. એટલે પછી આડાઅવળે દોડવા માંડ્યું.

નારજીકાકાનું ખેતર પૂરું થયું. મહાદેવને થયું : ‘જાઉં.’ પણ શંકાનું જ એ ખેતર હતું : ‘એને થશે મારા જ ખેતરમાં મૂકી આવ્યો ?’

મહાદેવની અકળામણનો પાર ન હતો. શાળા તરફ જઈ રહેલાં છોકરાનાં હવે માથાં પણ નહોતાં દેખાતાં. મહાદેવે ઢીલા પડતા મનને મજબૂત કર્યું : ‘આટલું ખેતર કાઢીને મેલીશ ને પાટી કે -’

ત્યાં તો પોતાના જ ખેતરમાં ગાય પેઠી. મહાદેવની મૂંઝવણે હવે માઝા મૂકી. એની ગતિ ગામ તરફ પાછી હતી ને સૂરજની ગતિ શાળા તરફ વધતી જતી હતી.

અકળામણમાં રડવા સરખો થઈ ગયો. ગાયને ભંડતો ગયો, મારતો ગયો ને વળી વળીને પાછું જોતો ગયો.

પણ પોતાનો શેઢો વટાવ્યો ત્યાં જ એનો ગભરુ જીવ રડી ઊઠ્યો : ‘આ તો પેલાં ખુશાલમાનું ખેતર આવ્યું ! એમને કોઈ હળ હાંકનાર તો છે નહીં ને ગામમાંથી લોકોનાં હળ માગીને આટલું ખેતર વવરાવ્યું છે. એટલેથી હાંકી લાવી મેલીને ખુશાલમાના ખેતરમાં મેલવી ?!’... ને ભલો મહાદેવ રડતો ગયો, માથા ઉપર આવવા કરતાં સૂરજ સામે જોતો ગયો ને અલમસ્ત ગાયને ઝૂડતો ગયો.

એમાં વળી વાડ નડી. કાઢવી ક્યાં થઈને ?


ને મૂંઝાયેલો મહાદેવ, વાડમાં છીંડું પાડતો ગયો, નાકને સીકતો ગયો, પસીનો લૂછતો ગયો ને રડતો રડતો પાછી વળેલી ગાયને ભાંડતો ગયો : ‘એ પાછી ક્યાં જાય છે ?... અહીં છીંડામાં મરને...’

દોડીને મહામહેનતે ગાય વાળી. છીંડા વાટે બહાર કાઢી. ને અજબગજબની મુક્તિ અનુભવતા મહાદેવે જમના હાથમાંથી છૂટ્યો હોય એ રીતે શાળા તરફ એવી તે મૂઠીઓ વાળી ! મોલની સપાટીએ ‘સનનનન’ કરતો છૂટેલો તોપનો કોઈ ગોળો જોઈ લ્યો !

પણ પહોંચ્યો ત્યારે શિષ્યવૃત્તિની પરીક્ષા શરૂ થઈ ચૂકી હતી !

દસમા વિદ્યાર્થી તરીકે શિક્ષકે એને ઇન્સ્પેક્ટર આગળ ઊભો કર્યો.

ઇન્સ્પેક્ટરે મહાદેવ સામે જોયું. એનો આખો ચહેરો આંસુથી ખરડાયેલો હતો. અંગે પણ પસીનામાં રેબઝેબ હતો. સવાલ કર્યો : ‘કેમ ભાઈ, મોડો પડ્યો ?’



મહાદેવ રડતો ગયો ને પોતાની કથની કહેતો ગયો : 'ઘઉંના મોલમાંથી ગાય હાંકવા ગયો હતો સાહેબ...જતાં તો જઈ લાગ્યો પણ મારે આ ગાયને કોના ખેતરમાં છોડવી સાહેબ ? એટલે પછી ખેતરોની બહાર ગાયને કાઢવા રહ્યો એમાં મને –'

ઈન્સ્પેક્ટરે જોયું તો મહાદેવની આંખોમાં આંસુ ન હતાં, પણ માનવતાની સરવાણી હતી. પોતાનેય પૂછતી હતી : 'કોના મોલમાં મારે એ હરાઈ ગાયને મૂકવી સાહેબ - આપ જ કહો ?!'

ને જાણે ઈન્સ્પેક્ટર પોતાના મનની વાત બબડી પડ્યા : 'પાસ છે, જા.' ખ્યાલ આવતાં શિક્ષકને હુકમ કર્યો : 'આપો એને પેપર.'

મહાદેવનાં આંસુ આનંદમાં ફેરવાઈ ગયાં. અંગ ઉપરના પસીનામાં પ્રકાશે - શક્તિએ પ્રવેશ કર્યો. પેપર લઈને મંડી પડ્યો...

## શબ્દ-સમજૂતી

**મોલ** પાક **વાયરો** પવન **સાંભરવા માંડ્યો** એકઠું કરવા લાગ્યો **વીંજણો** પંખો **ધણ** ગાયોનું ટોળું **શિષ્યવૃત્તિ** તેજસ્વી વિદ્યાર્થીને અભ્યાસ માટે મળતી આર્થિક રકમ **વિદ્યાધિકારી** કેળવણી અધિકારી **હેડક્લાર્ક** મુખ્ય કારકુન **ઉંબીઓ** ઘઉં, જવ ઈત્યાદિ ધાન્યનાં ડૂંડા **પસવારતાં** પંપાળતાં **હરાયું** રખડતું, છૂટું ફરતું, અંકુશ વગરનું **મસ્તાન** મદભર્યું **ઢેફાં** સૂકી માટીના મોટા ગાંગડા **લાડનાં લટકાં** ગમતી

બાબત **સોટું** સોટી, લાકડી **ખારીલા** ઈર્ષ્યાળુ **ગભરુ જીવ** નિર્દોષ, ભોળો જીવ **જમ** યમ (અહીં) મૃત્યુ **સરવાણી** નાનું ઝરણું

## રૂઢિપ્રયોગો

**ટાપસી પૂરવી** – ચાલતી વાતને ટેકો આપવો **પાટી મેલાવવી** – દોડાવવું **પસીનામાં રેબઝેબ થઈ જવું** – પરસેવે લથબથ થઈ જવું **માઝા મૂકવી** – મર્યાદા ત્યજી દેવી **ખાલી ઘોડાં દોડાવવાં** – નકામા વિચારો કરવા **ગામનું નાક રહેવું** – ગામની પ્રતિષ્ઠા સચવાવી **જીભના ઝપાટા મારવા** – ગપ્પાં મારવાં **કાપલો કાઢી નાખવો** – બધું ખાઈ જવું **આ પા કે પેલી પા** – કોઈ પણ પ્રકારની પરિસ્થિતિને પહોંચી વળવા તૈયાર રહેવું.

## કહેવતો

**મામાનું ઘર કેટલે તો દીવો બળે એટલે** – વખત આવ્યો ખરેખર શું છે તેની ખબર પડી જવી.

**દશેરાએ ઘોડું ન દોડવું** – ખરે સમયે ઉપયોગમાં ન લાગવું.

## ભાષા-સજ્જતા

### ❀ ઉચ્ચારણ

સ-શ

નીચેના શબ્દો ધીમેથી બોલો.

સાડી, સાત, સીતા, સૂપડી, સોમવાર

આપણે આ શબ્દો બોલતાં હોઈએ ત્યારે ‘સ’ બોલતી વખતે જીભનું ટેરવું, દાંત અને પેઢાં જોડાય ત્યાં અડાડીને બોલાય છે. આવા બીજા શબ્દો શોધીને બોલો.

ધીમેથી બોલો.

શરત, શાળા, શાંત, શીતળા, શૂર, શેઠ

આપણે આ શબ્દો બોલતાં હોઈએ ત્યારે ‘શ’ બોલતી વખતે જીભનો વચ્ચેનો ભાગ ઉપર તાળવાને અડાડીને બોલાય છે. આવા બીજા શબ્દો શોધીને બોલો.

**નીચેના શબ્દો લખો અને મોટેથી બોલો.**

શ્રીકૃષ્ણ - શ્રીકૃષ્ણ

શ્રમ - શ્રમ

શ્વાસ - શ્વાસ

પ્રશ્ન - પ્રશ્ન

લખવાની રીતે અને બોલવાની રીતમાં ફેર હોય છે. કેટલાક લોકો જેવું બોલે એવું લખે ત્યારે સારું ન લાગે. આપણે જેમ બોલવામાં કાળજી રાખીએ છીએ તેમ લખવામાં પણ કાળજી રાખવી જોઈએ.

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ-અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) અહીં પાઠમાં વિદ્યાધિકારી એટલે... ☐

(ક) શિક્ષણના અધિકારી (ખ) વિદ્યાના અધિકારી

(ગ) પંડિત (ઘ) સરકારી અધિકારી

(2) અહીં પાઠમાં 'તે સૂરજની ગતિ શાળા તરફ વધતી જતી હતી' એટલે... ☐

(ક) સૂરજ શાળા તરફ જતો હતો. (ખ) શાળાનો સમય થતો જતો હતો.

(ગ) સૂરજ શાળાએ જવા દોડતો હતો.

(ઘ) સૂરજ ભણવામાં હોશિયાર થતો જતો હતો.

(3) 'પેપર લઈને મંડી પડ્યો' આ વાક્ય પરથી મહાદેવ વિશે તમે શું વિચારો છો ? ☐

(ક) ગપ્પા મારવા લાગ્યો. (ખ) કોઈકનામાંથી જોઈને લખવા જ લાગ્યો.

(ગ) તેને ઘણું આવડતું હશે. (ઘ) ચોપડીમાંથી જોઈને લખવા લાગ્યો.

(4) 'પરીક્ષા' વાર્તાના લેખકનું નામ જણાવો. ☐

(ક) પ્રવીણ દરજી (ખ) પન્નાલાલ પટેલ

(ગ) ધૂમકેતુ (ઘ) કાકા કાલેલકર

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર આપો.**

(1) શાળાએ જતા છોકરાઓ શાના વિશે વાત કરતા જતા હતા ?

(2) પરીક્ષામાં પાસ થવા વિશે મહાદેવને શો વિશ્વાસ હતો ?

(3) મહાદેવ અને તેના મિત્રો શું જોઈ અટકી ગયા ?

(4) ઈન્સ્પેક્ટરને મહાદેવની આંખમાં શું દેખાયું ?

**3. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર આપો.**

(1) મહાદેવે નારજીકાકા તથા ખુશાલમાના ખેતરમાંથી શું વિચારીને ગાયને હાંકી કાઢી ?

(2) ‘‘ઘઉં-ચણાના મોલ ઉપર સૂર્ય સોનું છાંટવા લાગ્યો.’’ વાક્યનો અર્થ સ્પષ્ટ કરો.

(3) ગાય કોના-કોના ખેતરમાંથી પસાર થઈ ?

(4) ઈન્સ્પેક્ટરે મોડા પડેલા મહાદેવને શા માટે પરીક્ષામાં બેસવા દીધો ?

**સ્વાધ્યાય**

Y9V7P7

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

(1) તમે પરીક્ષા આપવા જઈ રહ્યા છો અને રસ્તા ઉપર અકસ્માતથી ઘાયલ થયેલ કોઈ વ્યક્તિને જુઓ તો તમે શું કરશો ?

(2) ઈન્સ્પેક્ટરે મહાદેવની માનવતા સમજી મોડો હોવા છતાં એને પરીક્ષામાં બેસવા દીધો પરંતુ ઈન્સ્પેક્ટરે આ બાબત ન સમજીને પરીક્ષામાં બેસવા ન દીધો હોત તો શું થાત ? તમને પણ મહાદેવનો નિર્ણય સાચો લાગે છે ? શા માટે ?

(3) પાઠમાં ઉત્તર ગુજરાતની બોલીના કેટલાક શબ્દો છે. જે-તે વિસ્તારની બોલીમાં આવા શબ્દપ્રયોગો હોય છે. તમારા વિસ્તારની બોલીના આવા શબ્દો શોધી કાઢો અને લખો.

(4) નીચેના ફકરામાં વાક્ય બંધબેસતું થાય તેવા, પાઠમાં વપરાયેલા શબ્દો સિવાયના સમાનાર્થી શબ્દોનો ઉપયોગ કરી ફકરો ફરી લખો.

પણ પોતાનો શેઢો ... ત્યાં જ એનો ... જીવ રડી ઊઠ્યો : ‘આ તો પેલાં ખુશાલમાનું ખેતર આવ્યું ! એમને કોઈ હળ હાંકનાર તો છે નહિ ને ગામમાંથી લોકોનાં હળ માંગીને આટલું ખેતર વવરાવ્યું છે. એટલેથી... લાવી... ખુશાલમાના ખેતરમાં જ...? ને... મહાદેવ રડતો ગયો. માથા ઉપર આવવા કરતા... સામે જોતો ગયો ને... ગાયને... ગયો.

❀ આમ કરવાથી શો ફેર પડે છે ? તમને આ ફકરો ગમે છે ? કે પાઠમાં વપરાયેલા શબ્દોવાળો... ? શા માટે ? સરખામણી કરો.

(5) નીચેનો ફકરો વાંચો. વિરામચિહ્નો વિના તમને તે અધૂરો લાગે છે ? ઉચિત જગ્યાએ યોગ્ય વિરામચિહ્નો મૂકો અને ફરી વાંચો.

ગામ તરફ એણે નજર દોડાવી દૂર કોઈ માણસને જોયું બૂમ પાડી કહેવા ગયો એ મારી માસીને ત્યાં કહેજો કે ગાય વળી થયું ક્યારે ને ક્યારે હાંકશે એટલામાં તો કાપલો કાઢી નાખશે ને

મહાદેવે શંકા સામે દફતર ધર્યું લે ને શંકા ગાયને હું હાંકતો આવું શંકાએ દફતર લીધું યાદ આવ્યું તારે લ્યા પરીક્ષા છે ને

(6) આ પાઠમાં મહાદેવે ગાયને બીજા કોઈના ખેતરમાં ન મૂકી અને છેક ગામ સુધી મૂકી આવ્યો એ તમને ગમ્યું ? શા માટે ?

(7) ઈન્સ્પેક્ટર સાહેબનો કયો ગુણ તમને ગમ્યો ? શા માટે ?

(8) નીચેનાં વાક્યોને બદલે પાઠમાં વપરાયેલાં વાક્યો લખો.

1. દરરોજ સરળતાથી થતું કામ પ્રસંગ આવે ન થાય.
2. જોઈએ છીએ, પરિણામ બહુ દૂર નથી.
3. ગાય ખેતરમાં પાકને ઘણું નુકસાન કરશે.
4. ગામની આબરૂ સચવાશે.

## 2. નીચેના શબ્દો મોટેથી વાંચો.

છઠ્ઠું, ઘોડું, ઈન્સ્પેક્ટર, ઉંબી, શિષ્યવૃત્તિ, ઘઉં

### પ્રવૃત્તિઓ

- તમારી શાળાના પુસ્તકાલયમાંથી પન્નાલાલ પટેલનાં તથા અન્ય વાર્તાનાં પુસ્તકો મેળવીને વાંચો અને તમે વાંચેલી વાર્તા પ્રાર્થનાસભામાં રજૂ કરો.
- મહાદેવે કર્યું એવું સેવાર્થે તમે કરેલું કાર્ય વર્ગસમક્ષ કહો.

Z4N1Q7

# 4 બે ખાનાંનો પરિગ્રહ

**મનુબહેન ગાંધી**




મનુબહેન ગાંધીનો જન્મ કરાંચીમાં થયો હતો. તેઓ મહાત્મા ગાંધીના પિતરાઈ ભાઈ જશવંતલાલનાં પૌત્રી હતાં. બાપુનાં અંતેવાસી રહેલાં મનુબહેને બાપુના જીવનપ્રસંગો સુંદર શૈલીમાં નિરૂપ્યા છે. 'વિરાટ-દર્શન' અને 'બાપુ-મારી મા' તેમનાં જાણીતાં પુસ્તકો છે.

આ પ્રેરક પ્રસંગવર્ણનમાં મનુબહેન ગાંધીજીની સગવડો અંગે વિચાર કરીને બાપુ માટે ટ્રેનના ડબ્બાનાં બે ખાનાં માગી લે છે. હવાઈજહાજની મળતી સગવડને નકારીને બાપુ ટ્રેનમાં મુસાફરી કરવાનો આગ્રહ રાખતા હતા. મનુબહેને બે ખાનાં માગ્યાં છે એવી બાપુને ખબર પડતાં પૌત્રીને બાપુ ઠપકો આપે છે. તેમજ સ્ટેશન-માસ્તરને બોલાવીને બીજા ખાનાની સગવડ સ્વીકારવાની ના પાડે છે. પોતાના ખપ કરતાં વધારે વાપરવું એને બાપુજી એક પ્રકારની હિંસા ગણાવે છે. અહીં પ્રજાના સાચા 'પિતા' તરીકે બાપુની છબી ઊપસે છે.

ઈ. સ. 1947ની 30મી માર્ચના રોજ પૂજ્ય બાપુજીને, નોઆખલી ને બિહારના યજ્ઞમાં ઝંપલાવ્યા પછી પહેલવહેલું જ લૉર્ડ માઉન્ટબેટનને મળવા જવાનું થયું. વાઇસરૉયે તો પૂજ્ય બાપુજીને વિમાનમાં મળવા બોલાવેલા. પણ ''જે વાહનમાં કરોડો ગરીબો મુસાફરી ન કરી શકે તેમાં મારાથી કેમ બેસાય ?'' એમ કહી તેમણે તેનો ઇનકાર કર્યો અને ''ટ્રેનમાં પણ હું તો મારું કામ સારી રીતે કરી લઉં છું, એટલે હું તો આગગાડીમાં જ આવીશ,'' એવો નિશ્ચય કર્યો.

ગરમી અસહ્ય હતી. ચોવીસ કલાકનો રસ્તો હતો. વળી સ્ટેશને સ્ટેશને આ પરમ પિતાનાં દર્શન કરવા હજારોની મેદની જામતી. છતાં કંઈ પણ તકલીફની એમને ક્યાં ખેવના હતી ? એમણે મને બોલાવીને કહ્યું :

''જો, આ યજ્ઞમાં તું એકલી જ મારી સાથે છો એટલે દિલ્હીમાં હું પહેલવહેલો જાઉં છું. મેં નોઆખલી જતાં તો નિશ્ચય કર્યો હતો કે ત્યાં જ કરવું અથવા મરવું અને સાથીઓને છૂટા કર્યા. પણ તને આ મારા યજ્ઞમાં ભાગીદાર બનવા માટે મેં રજા આપી. તું સાથે જ રહી એટલે જેમ નોઆખલીમાં બધાને છોડીને આવ્યો તેમજ અહીં બિહારમાં પણ બાકી દેવપ્રકાશ, હુન્નર વગેરે છે તે અને મૃદુલાબહેન રહેશે. મૃદુલાબહેન મારા વતી બધું જ સંભાળશે અને કામ કરશે. પણ તને છોડીને કેમ જવાય ? એ તું પણ નહીં ઇચ્છે. એટલે તારે મારી સાથે આવવાનું રહ્યું. ઓછામાં ઓછો સામાન અને નાનામાં નાનો ત્રીજા વર્ગનો ડબ્બો પસંદ કરવાનો. પણ જોજે આમાં તારી ખૂબ કસોટી છે હોં !''



મેં સામાન તો ઓછામાં ઓછો લીધો. પણ સ્ટેશને સ્ટેશને પૂજ્ય બાપુજીનાં દર્શનાર્થીઓની એટલી ભીડ જામશે કે ઘડીયે એમને આરામ નહીં મળે. વળી ફંડ પણ મારે ગણવું પડશે અને એ બધો જ અવાજ આવશે. આમ, વિચારીને મેં બે ખાનાંવાળો ડબ્બો પસંદ કર્યો. એકમાં સામાન રખાવ્યો અને બીજામાં પૂ. બાપુજીને સૂવા બેસવાનું રાખ્યું.

પટણાથી દિલ્હી જતી ટ્રેન સવારે 9.30 વાગ્યે ઊપડે. બાપુજી અને હું 9.25 વાગ્યે સ્ટેશને આવ્યાં. લોકોની ભીડ અસહ્ય હતી. પણ અમે ચડી ગયાં. બાપુજી તો એક એક મિનિટનો સદુપયોગ કરનારા, એટલે પાંચ મિનિટમાં ફંડ ઉઘરાવી નાખ્યું. 9.30 વાગ્યે ટ્રેન ચાલી. ગરમીના દિવસોમાં બાપુજી બપોરનું ભોજન 10.00 વાગ્યે લેતા.

હું બીજા ખાનામાં જઈ સામાન ખોલી પૂજ્ય બાપુજી માટે ખાવાનું તૈયાર કરવા ગઈ. થોડીવારે પૂજ્ય બાપુજીવાળા ખાનામાં આવી. બાપુજી તો લખવામાં પડ્યા હતા. મને પૂછ્યું, ''ક્યાં હતી ?'' મેં કહ્યું, ''અહીં ખાવાનું તૈયાર કરતી હતી.'' તેમણે મને બારીએથી બહાર નજર નાખી જોવાનું કહ્યું. મને પણ જરાક ભાન આવી ગયું કે કંઈક મારી ભૂલ થઈ લાગે છે. મેં બહાર જોયું તો લોકો લટકતા હતા. મને મીઠો ઠપકો મળ્યો :

''આ બીજા ખાનાનું તેં કહ્યું હતું ?''

મેં કહ્યું : ''હા બાપુજી. હું અહીં જ બધું કામકાજ કરું - સ્ટવ પર દૂધ ગરમ કરું, વાસણો સાફ કરું, તેથી આપને તકલીફ પડશે એમ જાણી મેં બીજા ખાનામાં કર્યું ?

“કેવો લૂલો બચાવ છે ! આંધળો પ્રેમ તે આનું નામ. તને ખબર છે મને ઍરોપ્લેન ઉપરાંત સ્પેશિયલ ટ્રેનનું, તકલીફ ન પડે માટે કહેવામાં આવેલ. એક સ્પેશિયલ ટ્રેન પાછળ કેટલી ગાડીઓ રોકાય અને કેટલા હજારનું ખર્ચ થઈ પડે ? એ મને કેમ પોસાય ? હું તો લોભિયો રહ્યો. તેં આજે તો વધારાનું ખાનું માગ્યું, પણ સલૂન માગ્યું હોત તો તે પણ મળત, પણ તે તને શોભત કે ? એટલે તેં બીજું ખાનું લીધું, તું આ બધું મારા ઉપરના અત્યંત પ્રેમને વશ થઈને કરે છે. પણ મારે તો તને ઊંચે ચડાવવી છે, નીચે નથી પછાડવી, એ તારે સમજવું જોઈએ અને સમજી હો તો હું તને કહી રહ્યો છે તે ન પડવાં જોઈએ. હવે એનું પ્રાયશ્ચિત એ જ કે, તું બધો સામાન અહીં ખસેડી લે અને આગળનું સ્ટેશન આવે ત્યારે સ્ટેશન-માસ્તરને મારી પાસે બોલાવજે.”

હું તો થરથર કાંપતી હતી. સામાન તો ખસેડ્યો, પણ મને પૂજ્ય બાપુજીની ચિંતા થતી હતી કે હવે કેમ થશે ? ઘણી વખત આવી નાની ભૂલ ભલે બીજાની હોય, પણ એ પોતાની જ ગણે અને એકાદ ટંક ખાવાનું પણ છોડે, એ મોટી ચિંતા હતી.

વળી ટ્રેનમાં લખવાનું, વાંચવાનું, માટી લેવાનું, કાંતવાનું, મને ભણાવવાનું વગેરે બધું જ કામ ! જેટલું ઘરમાં બેઠાં કરવાનું રહે તેટલું જ ટ્રેનમાં મુસાફરીમાં પણ ચાલુ રહે !

અંતે સ્ટેશન આવ્યું. બાપુજીએ સ્ટેશન-માસ્તરને બોલાવ્યા. એને મારું પરાક્રમ કહ્યું કે, “આ છોકરી મારી પૌત્રી છે, પણ બિચારી ભોળી ભલી છે. હજુ મને કદાચ સમજી નહીં હોય, તેથી જ આ બે ખાનાં પસંદ કર્યાં. એમાં એનો દોષ નથી. દોષ મારો જ. મારી કેળવણી એટલી અધૂરી હશે ને ? હવે મારે અને એણે બંનેએ પ્રાયશ્ચિત કરવું રહ્યું. એટલે આ ખાનું ખાલી કરી નાખ્યું છે. તેનો ઉપયોગ તમે વધારાના પૅસેન્જર લટકે છે તેને માટે કરો, અને તો મારું દુ:ખ હળવું થશે.”

સ્ટેશન-માસ્તરે ઘણી આજીજી કરી, પણ બાપુજી ક્યાં માને તેવા હતા ? સ્ટેશન-માસ્તરે ત્યાં સુધી કહ્યું કે, “હું એ લોકો માટે બીજો ડબ્બો જોડાવી દઉં !”

બાપુએ કહ્યું : “બીજો ડબ્બો તો જોડાવો જ જોઈએ, પણ આનો ઉપયોગ કરી લો, જે ન જોઈતું હોય છતાં વધારે મળે છે તે વાપરવું, તેમાં હિંસા છે. મળતી સગવડનો દુરુપયોગ કરાવી આ છોકરીને તમે બગાડવા માગો છો ?” બિચારા સ્ટેશન-માસ્તર ઝંખવાણા પડી ગયા અને અંતે બાપુજીનું કહેવું માનવું પડ્યું.

એ તો હિંદુસ્તાનના પિતા હતા. એ સગવડ ભોગવે અને એમનાં બાળકો લટકે તે એમનાથી કેમ ખમાય ? એટલે લટકતા લોકોને જગ્યા મળી અને મને જીવનમાં અમૂલ્ય પાઠ મળ્યો કે, મળતી સગવડનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો. ભલે એટલો ઠપકો એ વખતે વસમો લાગતો હતો, પણ આજે જીવનમાં એની કિંમત અમૂલ્ય થઈ પડી છે. આવા ઝીણવટ ભરેલા અહિંસાપાલનથી જ એમણે પોતાનું જીવન ઘડ્યું હતું, અને એમાંથી ભલે ગમે તેટલું ઓછું હું ગ્રહણ કરી શકી, છતાં મારા જેવીને ઘડતરનો લહાવો મળ્યો, જે જીવનપર્યંત મારો રહેશે.

## શબ્દ-સમજૂતી

**પરિગ્રહ** જરૂરી ન હોય તેવું વાપરવા માટે ભેગું કરવું **નિશ્ચય** નિર્ણય **અસહ્ય** સહી ન શકાય તેવું **ખેવના** કાળજી **ભીડ** ગિરદી **પોસાવું** પરવડવું **સલૂન** ઘરના જેવી સગવડોવાળો રેલગાડીનો ખાસ ડબ્બો **પ્રાયશ્ચિત** કરેલી ભૂલનો મનમાં પડેલો ડંખ દૂર કરવા જે કરીએ તે **પૅસેન્જર** મુસાફર **અમૂલ્ય** કીંમતી

## ભાષા-સજ્જતા

❀ **નીચેનાં વાક્યો વાંચો.**

એકમાં સામાન રખાયો.

બીજામાં પૂજ્ય બાપુજીને સૂવા બેસવાનું રાખ્યું.

- એકમાં સામાન રખાયો અને બીજામાં પૂજ્ય બાપુજીને સૂવા બેસવાનું રાખ્યું.

  બાપુજી તો એક એક મિનિટનો સદુપયોગ કરનારા.

  પાંચ મિનિટમાં ફંડ ઊઘરાવી નાખ્યું.

- બાપુજી તો એક એક મિનિટનો સદુપયોગ કરનારા એટલે પાંચ મિનિટમાં ફંડ ઊઘરાવી નાખ્યું.

  આ છોકરી મારી પૌત્રી છે.

  બિચારી ભોળી ભલી છે.

- આ છોકરી મારી પૌત્રી છે પણ બિચારી ભોળી ભલી છે.

  એમાંથી ભલે ગમે તેટલું ઓછું હું ગ્રહણ કરી શકી.

  મારા જેવીને ઘડતરનો લહાવો મળ્યો.

- એમાંથી ભલે ગમે તેટલું ઓછું હું ગ્રહણ કરી શકી છતાં મારા જેવીને ઘડતરનો લહાવો મળ્યો.

ઉપરનાં વાક્યો વાંચતાં તમે જોયું હશે કે **‘અને’**, **‘એટલે’**, **‘પણ’**, **‘છતાં’** જેવા શબ્દોની મદદથી બે વાક્યોમાંથી એક વાક્ય બને છે. એટલે કે આ શબ્દો વાક્યોને જોડવાનું કામ કરે છે.

આપણી ભાષામાં આવાં બે વાક્યો જોડનારા શબ્દોને **‘સંયોજક’** કહેવાય છે.

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ-અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો.**

(1) ગાંધીજીને કયા વાઈસરૉયને મળવા દિલ્લી જવાનું હતું ? ☐

(ક) લૉર્ડ ક્લાઇવ (ખ) લૉર્ડ ડેલહાઉસી

(ગ) લૉર્ડ મિન્ટો (ઘ) લૉર્ડ માઉન્ટ બેટન

(2) મનુબહેન ગાંધીજીને શું થતાં હતાં ? ☐

(ક) પુત્રી (ખ) પૌત્રી

(ગ) દોહિત્રી (ઘ) ભત્રીજી

(3) 'બે ખાનાંનો પરિગ્રહ' પાઠથી તમે શીખશો કે... ☐

(ક) વણખપનું ન વાપરવું (ખ) સંગ્રહ કરવો

(ગ) સગવડોનો ઉપયોગ કરવો (ઘ) મનુબહેન સાચાં હતાં

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો.**

(1) ગાંધીજીને શામાં બેસાડીને વાઈસરૉયે મળવા બોલાવ્યા હતા ?

(2) લેખિકાએ 'હિન્દુસ્તાનના પિતા' કોને કહ્યા છે ?

(3) ગાંધીજીએ ટ્રેનમાં ચડ્યા પછી પહેલું કયું કામ કર્યું ?

(4) સ્ટેશન માસ્તરે ગાંધીજીને શી આજીજી કરી ?

**3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

(1) બાપુએ વિમાનમાં જવાની ના કેમ પાડી ?

(2) લેખિકાએ બાપુ માટે આગગાડીમાં બે ખાનાંનો ડબ્બો શા માટે પસંદ કર્યો ?

(3) બાપુએ લેખિકાને શાનો ઠપકો આપ્યો ?

(4) લેખિકાની ભૂલનું પ્રાયશ્ચિત કરવા બાપુએ શું કરવા સૂચવ્યું ?

## સ્વાધ્યાય

T2P8P7

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

(1) આ પ્રસંગમાંથી તમને શી પ્રેરણા મળી ?

(2) ગાંધીજી વિશે દસ વાક્યો લખો.

(3) બચાવને 'લૂલો' ને બદલે 'આંધળો' કહીએ તો ? અને પ્રેમને 'આંધળો' ને બદલે 'લૂલો' કહીએ તો ?

**2. નીચના શબ્દોના અર્થ જાણો અને તેના વાક્યપ્રયોગ કરો.**

(1) ખેવના (2) હુન્નર (3) ભીડ

(4) સલૂન (5) પ્રાયશ્ચિત

**3. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો.**

(કે, અને, એટલે, તો)

(1) એકમાં સામાન રખાવ્યો .............. બીજામાં પૂજ્ય બાપુજીને સૂવાનું રાખ્યું.

(2) ઈન્સ્પેક્ટરે જોયું .............. મહાદેવની આંખમાં આંસુ હતાં.

(3) ડૉક્ટરે કહ્યું .............. એણે કસરત કરવી જોઈએ.

(4) મહાદેવ ગાયને હાંકવા રોકાયો .............. એને પરીક્ષામાં મોડું થયું.

### પ્રવૃત્તિઓ


- શિક્ષકની મદદથી નજીકના રેલવે-સ્ટેશનની મુલાકાત ગોઠવો.
- તમારા પરિચિત કોઈ વડીલની ગાંધીબાપુ જેવી સારી બાબતની વાત પ્રાર્થનાસભામાં રજૂ કરો.

J3X6X2

# 5 રાનમાં

ધ્રુવ ભટ્ટ

જન્મ : તા. 8-5-1947



ધ્રુવકુમાર પ્રબોધરાય ભટ્ટનો જન્મ ભાવનગર જિલ્લાના નિંગાળામાં થયો હતો. તેમણે ઈજનેરી કારખાનામાં મૅનેજર તરીકે કાર્ય કર્યું હતું. હાલ સેવાનિવૃત્ત જીવન ગાળે છે.

તેમણે 'કર્ણલોક', 'સમુદ્રાન્તિકે', 'તત્ત્વમસિ', 'અતરાપિ', 'અકૂપાર' જેવી સુંદર સર્જકતાસભર નવલકથાઓ આપી છે. 'ખોવાયેલું નગર' તેમનો કિશોરકથાનો સંગ્રહ છે. 'શ્રુણ્વંતુ' અને 'ગાય તેનાં ગીત' નામે બે કાવ્યસંગ્રહો પણ તેમણે આપ્યા છે. તેમની કૃતિઓના અંગ્રેજી, હિન્દી, મરાઠી તેમજ ઉડિયા ભાષાઓમાં અનુવાદો થયા છે.

ચોમાસું આવશે તો આસપાસ કયા કયા ફેરફારો થશે તેવી વાત કલ્પનાઓની હારમાળાથી કવિ આપણને સમજાવે છે. ચોમાસાનો પ્રસાર રાનમાંથી મેદાનમાં, પછી મકાનમાં ને પાનમાં થતાં થતાં આપણા અંતરમન સુધી થઈ જાય છે.

---

ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં,

વાડ પરે સૂતેલી સઘળી લીલાશ હવે નીતરતી





થાશે મેદાનમાં,

ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં...

ઊંચેથી આરપાર સરતું આકાશ હવે ઊતરશે

ધોધમાર હેઠું,





ભીંજાતા વાયરાઓ વહેશે સંદેશા કે ચોમાસું
ધારધાર બેઠું.
કાલ સુધી રહેતા'તા આપણે ને કાલથી તો
વાછંટો રહેશે મકાનમાં,
ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં,
આપણને થાય એવું વાદળને થાય, એવું
ઝરણાંને થાય એવું ઘાસને
આવી ઘટનામાં જે ડુંગરને થાય, થાય નેવેથી
દડદડતા ગામને.
તમને યે થાય ચાલ ટહુકો થઈ જાઉં અને ઝાડ
તળે ગહેકું રે પાનમાં,
ક્યાંક ચોમાસું ગાજે છે રાનમાં...

## શબ્દ-સમજૂતી

**રાન** જંગલ **ધોધમાર** પુષ્કળ, મોટી ધારાઓમાં **વાછંટ** પવનની ગતિની સાથે વરસાદ ન પ્રવેશતો હોય તેવી જગ્યાએ ઊડતા વરસાદના છાંટા **ઘટના** (અહીં) બનાવ, **દડદડવું** (અહીં) પાણી પડવાનો અવાજ **નેવું** છાપરાના છેડા ઉપરનાં નળિયાં જેમાંથી પાણી બહાર પડે છે તે **ગહેકવું** આનંદની મસ્તીમાં આવી પંખીનું જોરથી બોલવું **ટહુકવું** સામા પક્ષીને સંદેશો પહોંચાડવા પંખીનું બોલવું

## ભાષા-સજ્જતા

### સંયોજક

❁ **નીચેની પંક્તિઓ વાંચો.**

- ભીંજાતા વાયરાઓ વહેશે સંદેશા
  ચોમાસું ધારદાર બેઠું.

- ભીંજાતા વાયરાઓ વહેશે સંદેશા કે ચોમાસું ધારદાર બેઠું.
  કાલ સુધી રહેતા'તા આપણે.
  કાલથી તો વાછંટો રહેશે મકાનમાં.
- કાલ સુધી રહેતા'તા આપણે ને કાલથી તો વાછંટો રહેશે મકાનમાં.
  મને તો લાગે છે બચુડાના મામા મામલતદાર છે.
  એને તો મળવાની જ.
- મને તો લાગે છે બચુડાના મામા મામલતદાર છે તેથી એને તો મળવાની જ.

ઉપરની પંક્તિઓ અને વાક્યો વાંચતાં તમને લાગ્યું હશે કે **'કે', 'ને', 'છતાં'** જેવા શબ્દોની મદદથી પંક્તિઓ અને વાક્યો જોડાય છે.

પદ, પદો, પદસમૂહો, વાક્યો કે વાક્યખંડોને જોડવાનું કામ કરતાં પદોને સંયોજક કહે છે. **'ને', 'પણ', 'એટલે', 'તો', 'ત્યારે', 'કે', 'ત્યાં', 'છતાં', 'એટલું', 'અને', 'અથવા'** જેવાં સંયોજકો જાણીતાં છે. સંયોજકોથી પદો, વાક્યસમૂહો, વાક્યો કે વાક્યખંડો જોડાતાં જ નથી પરંતુ ભાષાની લાઘવ સાથેની ચોટ પણ ઉત્પન્ન થાય છે.

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ-અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો.**

(1) 'આકાશ હવે ઊતરશે' એ શબ્દોનો અર્થ એ કે ☐

(ક) આકાશ નીચું દેખાશે. (ખ) વરસાદ વરસશે.
(ગ) દિવસ આથમશે. (ઘ) ધરતીને આકાશ મળશે.

(2) વાછંટની શી અસર થશે ? ☐

(ક) પાકને પાણી મળશે. (ખ) દરિયો છલકાશે.
(ગ) ધાબા પરથી પાણી પડવા લાગશે. (ઘ) વસ્તુઓ ભીંજાશે.

(3) વરસાદ સાથે અત્યંત નજીકનો સંબંધ કોને છે ? ☐

(ક) ગાયને (ખ) મોરને (ગ) ચકલીને (ઘ) ગામને

(4) લીલાશ કોના આવવાથી મેદાનમાં આવશે ? ☐

(ક) વરસાદના (ખ) મોરના (ગ) વાયરાના (ઘ) વરસાદના

## 2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો.

(1) લીલાશ ક્યાં સૂતેલી છે ?

(2) ધોધમાર વરસાદમાં આપણી સાથે કોણ કોણ રહેશે ?

(3) વરસતા વરસાદમાં કોને કોને ઝાડ તળે ગહેકવાનું મન થાય છે ?

(4) 'રાનમાં' કાવ્યના કવિનું નામ શું છે ?

F9Z5Q3

## સ્વાધ્યાય

## 1. નીચેના પ્રશ્નોના વિચારીને ઉત્તર લખો.

(1) વરસાદમાં ભીંજાવાનો અનુભવ તમારા શબ્દોમાં લખો.

(2) ચોમાસામાં તમારી આસપાસ કયા કયા ફેરફારો જોવા મળે છે ?

(3) મોટે ભાગે ચોમાસામાં કયાં-કયાં પક્ષી-પ્રાણીઓના અવાજ સાંભળવા મળે છે ?

(4) તમારા ગામમાં વરસાદ પડ્યો છે. તમારા મિત્રના ગામમાં વરસાદ પડ્યો નથી. તમારા મિત્રને ફોન કરી બંને વચ્ચે કેવા સંવાદો થાય તે લખો.

## 2. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

(1) રાન (2) વાદળ (3) પાન

(4) સંદેશો (5) ડુંગર (6) આકાશ

## 3. સૂચવ્યા મુજબ કરો.

(1) નીચેની પંક્તિઓમાં દર્શાવેલો ભાવ દર્શાવવા કવિએ કઈ પંક્તિઓ વાપરી છે તે આ કાવ્યમાંથી શોધીને લખો.

1. વાડ પરની લીલાશ હવે મેદાનમાં આવશે.

2. પલળેલો પવન આપણને ચોમાસું બેસવાનો સંદેશ આપશે.

3. કાલ સુધી આપણે એકલા જ મકાનમાં રહેતા હતા તેમાં હવેથી વાછંટ પણ રહેવા લાગશે.

(2) 1. આ કાવ્યમાં આવતા વાદળ, શબ્દમાંથી નીચેના જેવા શબ્દો બને છે.

વા, વાદ, વાળ, દળ, દવા

2. આવો બીજો શબ્દ છે મકાન. આ શબ્દ પરથી બનતા શબ્દો લખો અને તે દરેક શબ્દોને કક્કાવારીના ક્રમમાં ગોઠવો.

3. આ શબ્દો પરથી વાક્યો બનાવો.

**4. આ કાવ્યનો મુખપાઠ કરો.**

### પ્રવૃત્તિઓ

- વર્ષાગીતોનો હસ્તલિખિત અંક તૈયાર કરો.
- પ્રાર્થનાસભામાં વર્ષાગીતો રજૂ કરો.
- ધોરણ 6માં તમે આ પ્રકારનું કાવ્ય શીખી ગયાં છો, યાદ કરીને લખો.

•

# પુનરાવર્તન 1

**1. નીચે આપેલા શબ્દો કોષ્ટકમાંથી શોધી તેના પર ☐ કરો અને વાક્યપ્રયોગ કરો.**

સોહાગણ, તરિયાતોરણ, વિદ્યાધિકારી, ખારીલા, પ્રાયશ્ચિત, મુસાફરી, ધોધમાર, ગહેકવું

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મ | જા | ફે | ર | ધો | સો | વિ |
| પ્રા | ય | શ્ચિ | ત | ધ | હા | ખા |
| ના | થ | જી | કે | મા | ગ | રી |
| ત | રિ | યા | તો | ર | ણ | લા |
| વિ | ગ | હે | ક | વું | હા | ન |
| જા | પુ | હા | મુ | સા | ફ | રી |
| વિ | દ્યા | ધિ | કા | રી | ઝ | મ |

**2. નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

(1) તમે મેળામાં જઈ શું શું ખરીદશો ? કોના માટે ?

(2) સાથિયા ક્યારે-ક્યારે પૂરવામાં આવે છે ?

(3) મહાદેવ તેના મિત્રોથી છૂટો કેમ પડી ગયો ?

(4) બાપુએ વિમાનમાં મુસાફરી કરવાનો ઈનકાર શા માટે કર્યો ?

(5) ચોમાસામાં કયાં-કયાં પક્ષી-પ્રાણીઓના અવાજો સાંભળવા મળે છે ?

**3. તમારી શાળામાં લખાયેલાં પાંચ ભીંતસૂત્રોની યાદી કરો.**

**4. નીચે આપેલા ફકરામાં યોગ્ય વિરામચિહ્નો મૂકી ફકરો ફરીથી લખો.**

જો આ યજ્ઞમાં તું એકલી જ મારી સાથે છો એટલે દિલ્હીમાં હું પહેલવહેલો જાઉં છું. મેં નોઆખલી જતાં તો નિશ્ચય કર્યો હતો કે ત્યાં જ કરવું અથવા મરવું અને સાથીઓને છૂટા

કર્યા પણ તને આ મારા યજ્ઞમાં ભાગીદાર બનવા માટે મેં રજા આપી તું સાથે જ રહી એટલે જેમ નોઆખલીમાં બધાને છોડીને આવ્યો તેમજ અહીં બિહારમાં પણ. બાકી દેવપ્રકાશ, હુન્નર વગેરે છે તે અને મૃદુલાબહેન રહેશે મૃદુલાબહેન મારા વતી બધું જ સંભાળશે અને કામ કરશે પણ તને છોડીને કેમ જવાય એ તું પણ નહીં ઈચ્છે. એટલે તારે મારી સાથે આવવાનું રહ્યું ઓછામાં ઓછો સમય અને નાનામાં નાનો ત્રીજા વર્ગનો ડબ્બો પસંદ કરવાનો. પણ જોજે, આમાં તારી ખૂબ કસોટી છે હોં.

**5. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

(1) રળિયામણું

(2) ખારીલા

(3) પ્રાયશ્ચિત

(4) રાન

(5) કેળવણી

**6. સૂચના મુજબ કરો.**

(1) 'ર' વર્ણથી શરૂ થતા દસ શબ્દો લખો.

(2) આ શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો.

(3) આ વાક્યોમાં સંજ્ઞા નીચે લીટી દોરો.

(4) સંજ્ઞાના અર્થમાં વધારો કરે એવા શબ્દો આ વાક્યોમાં ઉમેરો.

**7. નીચે આપેલી કાવ્યપંક્તિઓમાં શબ્દો આડાઅવળા થઈ ગયા છે. આ શબ્દોને યોગ્ય રીતે ગોઠવીને સાચી કાવ્યપંક્તિ લખો.**

(1) જી રે ચોક મોતીડે પુરાવીએ.

(2) હરિ હાથિયો ઘેર મલપતો આવે.

(3) આપણે કાલ સુધી મકાનમાં રહેતા'તા ને કાલથી વાછંટો રહેશે.

(4) ક્યાંક ચોમાસું રાનમાં ગાજે છે.

# 6 ભીખુ

U1X3J7

**ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી 'ધૂમકેતુ'**

**જન્મ : ઈ. સ. 1892 મૃત્યુ : ઈ. સ. 1965**



ધૂમકેતુનો જન્મ ગોંડલ પાસેના વીરપુર ગામમાં થયો હતો. ગુજરાતી સાહિત્યમાં ટૂંકીવાર્તાના ક્ષેત્રે ધૂમકેતુનું પ્રદાન વિશેષ જાણીતું છે. 'તણખામંડળ'ના ચાર ભાગ ઉપરાંત બીજા વીસ જેટલા વાર્તાસંગ્રહો તેમણે આપ્યા છે. 'પોસ્ટઑફિસ', 'ભૈયાદાદા', 'રજપૂતાણી', 'એક ટૂંકી મુસાફરી', 'જીવનનું પ્રભાત', 'પૃથ્વી અને સ્વર્ગ', 'હૃદયપલટો', 'આત્માનાં આંસુ' વગેરે તેમની પ્રખ્યાત ટૂંકીવાર્તાઓ છે.

ભીખુ ભીખ માગીને પોતાનું તેમજ પોતાના કુટુંબનું ભરણપોષણ કરનાર નાનકડો છોકરો છે. તે પાત્રનું આલેખન હૃદયસ્પર્શી બન્યું છે. વહેંચીને ખાવું, પોતે વેઠીને પણ મા-ભાઈભાંડુનો વિશેષ ખ્યાલ રાખવો તેવું વલણ તેનામાં સહજ રીતે લાગણીના સ્વરૂપે વહેતું જોવા મળે છે. ભીખુએ જલેબી પણ ખાધી નહોતી કે દાળિયા પણ ખાધા નહોતા, પરંતુ ભાઈભાંડુને ખાવા મળે એ હેતુથી મા પાસે અસત્ય બોલે છે કે પોતે ધરાઈને ખાધું છે. ભીખુના અંતરની આ અમીરાત, એના દિલની લાગણી એના વર્તનમાં જે રીતે પ્રતિબિંબિત થતી લેખકે બતાવી છે તે સમગ્ર ઘટના સરસ આલેખન પામી છે.

---

સાંજના સાત થવા આવ્યા હતા, અને ઊંચે ચડેલા મિલના ધુમાડા નીચે ઊતરીને વીજળીની રોશનીને ઝાંખી કરી રહ્યા હતા. મોટર, ગાડી, સાઈકલ અને માણસોના ઠઠારાથી બજાર ભરચક હતું, અકસ્માતથી બચવા માટે હું ફૂટપાથ પર ચાલતો હતો.

'એક કંગાલ પર ઈતની રહમ કરો !'

દર્દથી બોલાયેલા શબ્દોએ પગને આગળ જતાં થંભાવ્યા, પાછા ફરીને જોયું તો હું ત્રણ દરવાજા પાસે ઊભો હતો. ફરી એ જ શબ્દો સંભળાયા. મેં ડોકું જરાક ખેંચ્યું, તો દરવાજા વચ્ચેની સાંકડી કમાનમાં એક અત્યંત કંગાળ સ્ત્રી બેઠી હતી. એટલી વારમાં તો મને રસ્તા વચ્ચે ઊભેલો જોઈને કેટલાક માણસો ધક્કા મારીને આગળ ચાલ્યા ગયા હતા.

એવામાં વચ્ચેના સરિયામ માર્ગ પર એક નાના છોકરાને રસ્તો ઓળંગતાં, મોટરના મોંમાં-મૃત્યુના મુખમાં જતો જોઈ મારી રાડ ફાટી ગઈ ! સહજ જ એ તરફ હું દોડ્યો, પણ તે પહેલાં તો શોફરે અત્યંત ચાલાકીથી છોકરાને ઉગારી લીધો, ને તેની મા આગળ વધીને હાંફળીફાંફળી દોડતી હતી તેના તરફ એક ઠપકાભરી નજર નાખી હૉર્ન વગાડી મોટર આગળ ચલાવી મૂકી. હું

પાછો હઠ્યો, ત્યાં એક જણા સાથે ભટકાયો; ''માફ કરજો માસ્તર'' કહીને એક જણો ભટકાતો ચાલ્યો ગયો; ને એટલામાં તો પેલી કંગાળ સ્ત્રીના એનાએ શબ્દો ત્રીજી વખત સંભળાયા : 'એક કંગાલ પર ઈતની રહમ કરો !'

એ સ્ત્રી બેઠી હતી તે ખૂણામાં અંધારામાં મેં નજર ફેરવી. તેના પગ પાસે ઉઘાડે શરીરે ત્રણ છોકરાં સૂતાં હતાં, ને તેના ખોળામાં એક નાનું બચ્ચું દયામણું મોં રાખીને, આવનાર-જનારની સામે જોયા કરતું હતું. બાઈ અશક્ત હતી ને ગરીબી તેના પર અસહ્ય જુલમ કરી રહી હતી. ઊંડા ખાડા જેવી આંખોમાંથી તેજ પરવારી રહ્યું હતું. પોતે છોકરાં માટે જ જીવનદોરી લંબાવતી હોય એમ તેના મોં પરથી દેખાતું હતું. મારો હાથ એકદમ કોટના ખીસામાં પડ્યો. એ ખીસાએ બે કલાક પહેલાં જ કલદાર રાણીછાપના રૂપિયા સાથે ભદ્રમાંથી શહેર તરફ મુસાફરી કરી હતી, પણ અત્યારે તે ભોંઠો પડ્યો. માત્ર ત્રણ પૈસા જ હાથે ચડ્યા ! નવ આના સિનેમાએ ને રોકડા સવા છ આને હૉટલે ઉપાડી લીધા હતા ! 'સાધારણ માણસોના આવા તદ્દન સામાન્ય વિલાસમાંથી પણ ઘણા જણ પોષી શકાય તેમ છે, 'એ પસાર થઈ જતા વિચારની સાથે હાથ ખીસામાંથી બહાર આવ્યો. ત્રણ પૈસા પેલી બાઈના હાથમાં પડ્યા ને પૈસાના ખખડાટથી જાગેલું એક છોકરું મને ફરી સતાવે તે પહેલાં જ હું દૂર થઈ ગયો. પણ અનાયાસે જ છોકરાના શબ્દો કાન પર પડ્યા : ''મા ! કાંઈ ખાવાનું છે ? શું છે લાવ, જોઉં !''



‘‘ખાવાનું તો ભાઈ લાવે ત્યારે... પણ એ ગયો ક્યાં ? ક્યારનો ગયો છે !’


પાછળથી લારીવાળાનો ‘હટો ભાઈ, હટો’નો અવાજ આવતાં હું એક તરફ ખસ્યો, ને શિંગોડાવાળાના એક જ જાતના સ્વરોની વચ્ચે થઈ પગથી પર ચડી ગયો.

ફૂલોની છાબડીઓ પર, નાળિયેર પર, સાબુ પર, ગોળ પર - એમ અનેક પદાર્થો પર ફરતી દૃષ્ટિ સામેના રસ્તા પર મીઠાઈની બે દુકાનો છે તેની આગળ જામેલી લોકોની ઠઠ તરફ ખેંચાઈ. કાંઈક તહેવાર હતો ને બન્ને દુકાનદારોએ રોશની કરી હતી. મારાં પગલાં સહજ તે તરફ વળ્યાં.

દુકાનમાં ગોઠવેલી મીઠાઈને જોવા માટે ઘણાખરા ઊભા હતા. કેટલીક પારસી બાઈઓ મીઠાઈની ખરીદી કરતી હતી; પણ સૌથી દૂર ખૂણામાં, એક નાનો દસ-બાર વર્ષનો છોકરો, અત્યંત તૃષ્ણાથી અનિમેષ દૃષ્ટિએ મીઠાઈના થાળ તરફ - ખાસ કરીને સૌથી આગળ પડેલાં જલેબીનાં ચકચકિત ગૂંચળાંઓ તરફ જોઈ રહ્યો હતો. અચાનક મેં એને જોયો. ભક્તિભાવથી જાણે એની દૃષ્ટિ ત્યાં ચોંટી રહી હતી.

એના અંગ પર એકે સાજું લૂગડું ન હતું કે એના ચહેરા પર આશા, નિરાશા કે એવા કોઈ જાતના ભાવ ન હતા. હું ધીમેથી ગોળ ચકરાવો ખાઈ પેલા છોકરાની પડખે - પણ જરા દૂર અંધારામાં જઈ ઊભો ને એના પર નજર ઠેરવી. તે શાંત - લીન બનીને જલેબી નીરખી રહ્યો હતો.

એની આ સમાધિથી આકર્ષાયેલા એક જુવાને મારા તરફ જોઈને હાસ્ય કર્યું, પણ મારા તરફથી કશો જવાબ ન મળતાં તે દુકાન તરફ વળ્યો. પાશેર જલેબીનું પડીકું બંધાવ્યું ને તેમાંથી એકાદ કાઢીને ખાતોખાતો પેલા છોકરા પાસેથી પસાર થયો. અરધી આશામાં, અરધી ઘેલછામાં પેલા



છોકરાએ જરાક હથેળી લંબાવી. સુગંધ લઈ શકાય એટલે નજીકથી પડીકાવાળા જુવાન સાથે જલેબીને પસાર થતી જોઈ તેનું મોં પાણીપાણી થઈ ગયું. તે પગના અંગૂઠા પર જરાક ઊભો થયો, નીચો થયો, ફરી શરીર ઊંચક્યું અને તરત જ નીચો થઈ પોતાનો ભોંઠો પડેલો હાથ તેણે પોતાના લઘરવઘર કંગાલ પહેરણમાં છુપાવી દીધો.

પાછળથી મોટરના ભૂંગળાનો અવાજ થયો; આગળથી ''એઈ-આંખ પણ નથી કે શું ?'' એમ કોઈ પારસી બાનુની સાથે આવેલા પટાવાળાએ ધમકાવ્યો ને પેલા ઊભેલા કોઈએ ''જા-જા-જા. અહીં કેમ ઊભો છે ? તારે શું લેવાનું છે ? તારે શું લેવાનું હોય ?'' એમ કહી તેને ધિક્કાર્યો. બધા વેગને દાબતો હોય તેમ તે ધીમે, દૃઢ પગલે પાછો હઠ્યો, એકદમ દુકાન પરથી નજર ખેંચી લીધી, ને અત્યંત આર્ત સ્વરે ફિક્કા હાસ્ય સાથે બોલ્યો : ''હા ભાઈ, સાચું ! હું સવારનો ભૂખ્યો છું, પણ મારે ભિખારીને શું લેવાનું હોય ?'' તેણે જોરથી મૂઠી વાળી, અંદર ખખડેલા પૈસાનો અવાજ સ્પષ્ટ સંભળાયો. એક પણ દૃષ્ટિ પાછળ ફેંક્યા વગર તે ચાલ્યો ગયો.

આ ભિખારી એક દુકાને ઊભો રહી છ પૈસાના દાળિયા જોખાવતો હતો. અચાનક મને પેલી સ્ત્રીના શબ્દો યાદ આવ્યા. અરે ! કદાચ એ દરવાજાની સાંકડી નેળમાં સડતા કુટુંબનો આ છોકરો સ્તંભ હશે ! કદાચ શું ? એમ જ હશે. સામેની જ દુકાને નીચે બેસીને ધૂળમાં પોતાનું ચીથરું પાથરી તેમાં એ દાળિયા બાંધી રહ્યો હતો. તેણે એક મૂઠી તેમાંથી ભરી; વીજળીના પ્રકાશમાં એ મૂઠીને અધ્ધર જતી મેં જોઈ અને એને ઝડપી લેવા આતુર મોં પહોળું થતું દેખાયું.

મારી નજરે પેલા ભિખારીના મોંને બંધ થઈને નીચે આવતું જોયું. તેનું વદન કરમાઈ ગયું હતું, ને તેણે ભરેલી દાળિયાની મૂઠી એમ ને એમ ચીથરામાં પેસી જતી હતી ! ભૂખનું દુ:ખ ગળી જઈને ચીથરું વીંટાળી તે ત્રણ દરવાજા તરફ ચાલ્યો.

અને પેલી સ્ત્રી પાસે જ ગયો. પેલાં છોકરાં એને વળગી જ પડ્યાં, ને સ્ત્રીએ પોતાની ફાટેલ-તૂટેલ ગોદડી પર તેને બેસાડીને પૂછ્યું : ''બેટા ! તેં કાંઈ ખાધું ?''

મારા અંગે અંગમાંથી ટાઢની ચમકારી પસાર થઈ ગઈ.

''હા, મા !'' તે શાંતિથી બોલ્યો : ''મેં તો બહુ દાળિયા ખાધા, ખૂબ પાણી પીધું ને પછી આવ્યો.''

''અત્યાર સુધી ક્યાં રોકાણો'તો. ભાઈ ?''

''મા ! પેલી જલેબીની દુકાન છે ના, ત્યાં એક શેઠિયે મને જલેબી ખવડાવી !''

''હેં !''

''હા, મા.''

''અમારો ભાગ - અમારો ભાગ,'' કરતાં છોકરાં કૂદી પડ્યાં. છોકરો શરમિંદો થઈ ગયો. માએ તેની સામે ઠપકાથી ને સંતોષથી જોયા કર્યું.

''બેટા ! એવું હોય તો પોતાના ભાંડરડાંને માટે થોડુંક રાખીએ ! તું તો મોટો, તારાં પાળ્યાં, આ મોટાં થાય તેમ છે. દાળિયા ક્યાંથી કાઢ્યા ?''

''બરફ સાર્યો તેના દસ પૈસા આવ્યા ને ?''

''હાં.... કેટલા પૈસાના દાળિયા લાવ્યો ?''

''છ...છ...છ...'' એમ બોલતાં બોલતાં તેણે છેવટે કહી નાખ્યું, ''દસ.''

આના જીવનને જરાક ટેકો આપ્યો હોય ! બધાને જ ભિખારી ગણી ઘણી વખત આપણે ઉદ્યોગ કરવાનો ઉપદેશ આપીએ છીએ, પણ આ છોકરાએ ભાંડુ માટે જલેબી જતી કરી, દાળિયા ન ખાધા અને ખોટું બોલ્યો. એને મદદ.....

ઉતાવળથી ખીસામાં ગયેલો હાથ પાછો ફર્યો. ધોબીનો ધોયેલ કોટ આજે જ પહેરેલો હોવાથી સાબરમતીથી થોડીક ઝીણી રેતી જ હાથ સાથે ચોંટી, મેં હૉટેલ ને સિનેમાને આજે બીજી વખત સંભાર્યા !

છેક એમની પાસે સરીને મેં કહ્યું : ''છોકરા, તારું નામ ?''

અવિશ્વાસભરી રીતે એ મારી સામે જોઈ રહ્યો. અત્યંત પ્યારથી તેનો હાથ હાથમાં લઈને મેં કહ્યું : ''છોકરા, તેં જલેબી ખાધી એ તો મેં જોઈ, દાળિયા ખાધા એ પણ જોયું, પણ તારું નામ તો બોલ !''

પોતાની વાત કળાઈ ગઈ જાણીને તેણે લુચ્ચાઈમાં જરાક મોં મલકાવ્યું ને નીચું જોઈ બોલ્યો : ''મારું નામ ભીખુ, સા'બ !''

## શબ્દ-સમજૂતી

**ઠઠારો** સામાને આંજવા કે પ્રભાવિત કરવા માટેનો દેખાવ, **ભપકો** (અહીં) ભીડ **કમાન** ધનુષ્ય જેવા વળાંકવાળી રચના **કંગાલ** ગરીબમાં ગરીબ **રહમ** દયા **સરિયામ** બધા માટેનું જાહેર (અહીં) મુખ **સહજ** સ્વાભાવિક **શોફર** અંગત ઉપયોગમાં આવતો ડ્રાઈવર **ઉગારી લેવું** બચાવી લેવું **હાંફળું-ફાંફળું** ગભરાયેલું, બેબાકળું **દયામણું** દયા ઊપજે એવું **જુલમ** (અહીં) ત્રાસ **જીવનદોરી** આયુષ્યરૂપી દોરી, આવરદા **કલદાર** (અહીં) ચાંદીનો રણકારવાળો સિક્કો **રાણીછાપ** બ્રિટનમાં રાણી વિક્ટોરિયાની છાપવાળો સિક્કો **ભદ્ર** અમદાવાદમાં આવેલા ભદ્રના કિલ્લાનો વિસ્તાર **વિલાસ** (અહીં) મોજમજા **સ્વર** અવાજ **તૃષ્ણા** ઈચ્છા **અનિમેષ** મટકું પણ માર્યા વિના **અનાયાસે** સહજ રીત **લીન** એકધ્યાન **સમાધિ** ઊંડું ધ્યાન **ઘેલછા** ધૂન **લઘરવઘર** ચીંથરેહાલ **બાનુ** સન્નારી, મૅડમ **દૃઢ** મક્કમ

**આર્ત સ્વર** દુ:ખભર્યો અવાજ **નેળ** (અહીં) સાંકડો રસ્તો **સ્તંભ** થાંભલો (અહીં) આધાર **વદન** ચહેરો, મોઢું **શરમિંદું** ઝંખવાણું **ભાંડરડાં** નાનાં ભાઈ-બહેન **સારવું** એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવું **ઉદ્યોગ** (અહીં) ધંધો-રોજગાર **સંભારવું** યાદ કરવું **કળાવું** દેખાવું

## રૂઢિપ્રયોગો

**ઉગારી લેવું** – બચાવી લેવું **વાત કળાઈ જવી** – સમજાઈ જવું **રાડ ફાટી જવી** – ભયથી ચીસ પડાઈ જવી **વદન કરમાઈ જવું** – નિરાશ થઈ જવું

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ-અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો.**

(1) અહીં 'માણસોનો ઠઠારો' એટલે ............... ☐

(ક) ધક્કામુક્કી (ખ) ભીડ (ગ) મેળો (ઘ) ઝગમગાટ

(2) હું ............... એક જ જાતના સ્વરો વચ્ચે થઈને 'પગથી પર ચડી ગયો' એટલે... ☐

(ક) પગેથી ચાલીને ગયો (ખ) ફૂટપાથ પર ગયો

(ગ) રોડ પર ગયો (ઘ) એક પ્રકારના વાહનમાં ગયો

(3) ''ભીખુ'' પાઠમાં, 'આ છોકરો સ્તંભ હશે' - શબ્દોનો અર્થ શો છે ? ☐

(ક) નોકરી કરતો (ખ) કુટુંબમાં જવાબદાર

(ગ) કમાતો (ઘ) અડગ

(4) ''ભીખુ'' પાઠની ઘટના કયા શહેરની છે ? ☐

(ક) દિલ્હી (ખ) અમદાવાદ (ગ) ગોંડલ (ઘ) વીરપુર

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો.**

(1) લેખક અકસ્માતથી બચવા ક્યાં ચાલતા હતા ?

(2) છોકરાની મા તરફ શૉફરે શા માટે ઠપકાભરી નજર નાખી ?

(3) લેખક સ્ત્રીને ત્રણ પૈસા આપીને શા માટે દૂર જતા રહ્યા ?

(4) છોકરાં એના (ભિખારી) ભાઈને શા માટે વળગી પડ્યાં ?

## 3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(1) લેખક કોની વર્તણૂક બારીકાઈથી જોઈ રહ્યા હતા ? શા માટે ?

(2) ભીખુ દાળિયા ખાતાં શા માટે અટકી ગયો ?

(3) લેખકે હૉટલ અને સિનેમાને શા માટે યાદ કર્યાં ?

(4) ભીખુએ લેખક સામે લુચ્ચાઈમાં મોં કેમ મલકાવ્યું ?

(5) ભીખુનો ભાંડરડાં માટેનો પ્રેમ લેખકને શા માટે ગમ્યો ?

B6H2E3

## સ્વાધ્યાય

## 1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.

(1) લેખક ચાલતાં ચાલતાં ક્યાં અટકી ગયા ? ત્યાં તેમણે શું જોયું ?

(2) ભીખુએ જલેબી ખરીદીને શા માટે ખાધી નહિ ?

(3) ભીખુ એની મા પાસે શા માટે ખોટું બોલ્યો ?

(4) 'કુટુંબનો સ્તંભ' કોને કહેવાય ?

(5) 'ભીખુ ભૂખનું દુઃખ ગળી ગયો.' એવું લેખકે કેમ કહ્યું ?

(6) આ વાર્તાનું શીર્ષક તમે શું આપો ? શા માટે ?

## 2. નીચેનાં વાક્યો કોણ બોલે છે તે લખો.

(1) 'ખાવાનું તો ભાઈ લાવે ત્યારે...'

(2) 'એક શેઠિયે મને જલેબી ખવડાવી.'

(3) 'મા ! કાંઈ ખાવાનું છે ?'

(4) 'એઈ-આંખ પણ નથી કે શું ?'

## 3. નીચેના દરેક રૂઢિપ્રયોગનો વાક્યપ્રયોગ કરો.

(1) ઉગારી લેવું

(2) વાત કળાઈ જવી

(3) રાડ ફાટી જવી

(4) વદન કરમાઈ જવું

## 4. સૂચવ્યા મુજબ કરો.

(1) આ પાઠમાં 'વદન નામનો શબ્દ' છે. આ શબ્દમાંના અક્ષરોનો ઉપયોગ કરી બીજા શબ્દો બનાવી શકાય.

જેમ કે - વદ, વન

(2) આ ઉપરાંત બીજા વધુ શબ્દો બનતા હોય તો બનાવો.

(3) આ શબ્દોના અર્થ શબ્દકોશમાંથી મેળવો.

(4) આ શબ્દોના ઉપયોગથી વાક્યો બનાવો.

## 5. શબ્દ શતરંજ.

આપેલ કોષ્ટકના આડા, ઊભા અને ત્રાંસા ખાનામાંથી નવ તેજસ્વી અને પ્રેરક બાળકોનાં નામ શોધો. દરેકનો ત્રણ-ચાર વાક્યોમાં પરિચય આપો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| અ | જ | કુ | શ | બા | આ |
| શ | ભિ | ઇ | મૈ | બુ | રુ |
| ધ્રુ | દ | મ | દ્ર | ત્રી | ણી |
| વ | મ | રે | ન્યુ | જુ | કે |
| ડ | ન | ચિ | કે | તા | લ |
| ઉ | પ | મ | ન્યુ | તે | વ |

### પ્રવૃત્તિઓ


- શિક્ષકની મદદથી શાળાના મેદાનમાં યોગ્ય જગ્યાએ ચબૂતરો બનાવો અને પક્ષીઓને દરરોજ ચણ નાખો.
- આ વાર્તા જેવી બીજી એક વાર્તા તમારા વડીલો પાસેથી સાંભળીને પ્રાર્થનાસભામાં રજૂ કરો.

# 7 જીવનપાથેય

Y3C4H1

**દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર 'કાકાસાહેબ'**

**જન્મ : ઈ. સ. 1885 મૃત્યુ : ઈ. સ. 1981**



કાકાસાહેબ કાલેલકર તરીકે જાણીતા આ ગાંધીવાદી લેખકનો જન્મ મહારાષ્ટ્રના સતારામાં થયો હતો. ગુજરાત અને ગુજરાતી ભાષા જોડે તેમણે એવી આત્મીયતા કેળવી કે ગાંધીજીએ તેમને 'સવાઈ ગુજરાતી'નું બિરુદ આપ્યું. તેમનાં ચિંતનલક્ષી પણ રસાળ લખાણોમાં કલા, દેશ, પ્રકૃતિ, માનવ અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનો ભરપૂર પ્રેમ પ્રગટ થયો છે. 'હિમાલયનો પ્રવાસ', 'રખડવાનો આનંદ', 'જીવનનો આનંદ', 'જીવનલીલા', 'જીવન સંસ્કૃતિ' વગેરે તેમના જાણીતા ગ્રંથો છે.

'સ્મરણયાત્રા' નામની એમની આત્મકથામાં એમના બાલ્યકાળમાં નમણાં સુરેખ રેખાચિત્રો છે. તેમાંથી લેવાયેલા 'જીવનપાથેય'માં પ્રામાણિકતાનો પહેલો પાઠ તેમને પિતાજી પાસેથી કેવી રીતે શીખવા મળ્યો તે તેમણે વેધકતાથી વર્ણવ્યું છે. પૈસા પ્રત્યેના બાળસહજ આકર્ષણથી પ્રેરાઈને તેમણે પિતાજીને એવું સૂચન કર્યું જે તેમની કલ્પનાશક્તિની બહાર હતું. પુણ્યપ્રકોપમાં તેઓ પુત્રને જે વાત કહે છે તેમાં તેમને જીવનભરનું શિક્ષણ મળે છે.

---

મારા પાંચ ભાઈઓમાંથી એક જ બી.એ. સુધી પહોંચી શક્યો. બાકીના બધા વચમાં જ ક્યાંક ક્યાંક અટકી ગયા. અંગ્રેજી કેળવણી પાછળ ભારે ખર્ચ કર્યા છતાં પોતાની ઉમેદ બર ન આવી એમ જોઈ પિતાશ્રી ખૂબ હતાશ થયા હતા. એમણે પહેલેથી જ નક્કી કરેલું કે દત્તુને કૉલેજમાં નથી જ મોકલવો. હું મનમાં ચિડાતો : વાંક બીજાનો ને સજા મને થાય છે ! પણ મેં કશું કહ્યું નહીં. જ્યારે પહેલે જ વર્ષે હું મૅટ્રિક પાસ થયો ત્યારે મારી કંઈક શાખ જામી. તે જ વરસે શાળાની આબરૂ જાળવવા અમે મૅટ્રિકના ત્રણ વિદ્યાર્થીઓ યુનિવર્સિટી સ્કૂલ ફાઈનલ માટે પણ બેઠા હતા. એ પરીક્ષાનું પણ એ છેલ્લું વર્ષ હતું. એમાં પણ હું પાસ થયો એટલું જ નહીં પણ મારો નંબર ઠીક ઠીક ઊંચો આવ્યો. આ બે પરીક્ષાને જોરે મેં કૉલેજમાં જવાની માગણી કરી. છતાં પિતાશ્રી એકના બે ન થયા. આખરે મેં એમને કહ્યું, 'તમે જાણો છો કે મારું અંગ્રેજી અને ગણિત બંને સારાં છે. મને ઇજનેરી લાઈનમાં જવા દો. પ્રિવિયસની પરીક્ષા પાસ થયા વગર એન્જિનિયરિંગ કૉલેજમાં જવાય જ નહીં. એટલે એક જ વરસ હું આર્ટ્સ કૉલેજમાં જઈશ.' મારી આ દલીલથી પિતાશ્રી પીગળ્યા અને એમણે મને કૉલેજમાં જવાની રજા આપી.

બી.એ., એલ.એલ.બી છોડી એલ.સી.ઈ. પસંદ કરવા પાછળ મારી જે વિચારશૃંખલા હતી તેનું સ્મરણ કરતાં પણ મને શરમ ઊપજે છે. મેં મનમાં વિચાર કરેલો કે, 'આપણી પાસે કંઈ એવી મૂડી નથી કે આપણે વેપાર કરી પૈસાદાર થઈ શકીએ અને વેપારમાં પ્રતિષ્ઠા ક્યાં છે ? નોકરી કરતાં પગાર

કેટલો મળવાનો હતો ? લોકો પૈસાદાર થાય છે તે લાંચ લઈને બી.એ., એલ.એલ.બી. થઈશું તો મામલતદાર કે મુનસફ થવાશે. એ લાઇનમાં લાંચ ખૂબ મળે છે, પણ તેને માટે પ્રજાને કનડવી પડે છે અને અન્યાય કરવો પડે છે. એ તો આપણને ગમે નહીં. એના કરતાં એલ.સી.ઈ. થઈશું અને પહેલા ત્રણ નંબરની અંદર આવીશું તો જોતજોતામાં એન્જિનિયર થઈ શકીશું. મોટાં મોટાં આલેશાન મકાનો બાંધવા, જંગલમાંથી રસ્તા કાઢવા, પુલો બાંધવા એ મજા તો આખો જનમારો મળશે. ઘોડા પર બેસી સવારથી સાંજ સુધી ફરવાનો લહાવો લેવાશે અને કૉન્ટ્રાક્ટર લોકો પાસેથી લાંચ લઈશું તો તેમાં સરકાર છેતરાશે. પ્રજાને કનડવાનું એમાં ન હોય. અધર્મમાં પણ ધર્મબુદ્ધિ હું સાચવું છું એ ખ્યાલથી જ હું મગરૂર રહેતો. આ વિચાર અનેકવાર મનમાં આવતા, પણ કોઈની આગળ એ બોલવાની મારી હિંમત ન હતી.

જે દિવસ હું કૉલેજમાં દાખલ થવા જવાનો હતો તે જ દિવસે પિતાશ્રી સાંગલી રાજ્યના ટ્રેઝરી - ઑફિસર તરીકે ત્રણેક લાખ રૂપિયા પૂણે લઈ જવાના હતા. પૂણેથી રાજ્ય માટે પ્રૉમિસરી નોટો ખરીદવાની હતી. સાંગલી સ્ટેશન પર અમે ભેગા થયા. પિતાશ્રી પૂણે શા માટે જાય છે તેનું કારણ મેં જાણ્યું. મેં પિતાશ્રીને કહ્યું, ‘નોટોના ભાવ રોજ બદલાય છે. આપણે કંઈક મહેનત કરીશું તો જાહેર ભાવો કરતાં કંઈક સસ્તે ભાવે નોટો ખરીદી શકીશું, રાજ્યને તો જાહેર ભાવ જ બતાવીશું અને વચમાં જે નફો મળશે તે આપણે લઈશું. કોઈને ખબર નહીં પડે ને સહેજે ભારે નફો થશે.’

પિતાશ્રીએ મારી વાત શાંતિથી સાંભળી એમ મને લાગ્યું કે મારી વાતથી એમને કેટલો આઘાત પહોંચાડ્યો હતો એની એ ક્ષણે મને કલ્પના સરખી ન આવી. મેં માન્યું કે મારી સૂચનાની શક્યાશક્યતાનો પિતાશ્રી વિચાર કરે છે.



થોડી વાર પછી પિતાશ્રીએ ગળગળા થઈને કહ્યું, 'દત્તુ, મેં માન્યું નહોતું કે તારામાં આવી હીનતા હશે. તારી વાતનો અર્થ એ જ છે કે મારે અન્નદાતાને છેતરવા ! તારી કેળવણી પર ધૂળ છે. આપણા કુળદેવતાએ આપણને જે રોટલો આપ્યો છે તેટલાથી જ સંતોષ માનવો. લક્ષ્મી તો આજે છે ને કાલે નથી. આબરૂથી રહેવું એ જ મોટી વાત છે. મરીને ઈશ્વર આગળ ઊભો થઈશ ત્યારે શો જવાબ આપીશ ? તું કૉલેજમાં જાય છે ત્યાં ભણીને તું એવું જ કરવાનો ને ? એના કરતાં અહીંથી જ પાછો જાય એ શું ખોટું ?'

હું સડક થઈ ગયો ! ગાડીમાં આખી રાત મને ઊંઘ ન આવી. સવારે પૂના પહોંચ્યો તે પહેલાં મન સાથે નિશ્ચય કર્યો કે, હરામના ધનનો લોભ કોઈ કાળે નહીં કરું, પિતાશ્રીનું નામ નહીં લજવું. પિતાશ્રીને શહેરમાં છોડી, એ નિશ્ચય સાથે જ હું કૉલેજ તરફ ગયો. કૉલેજની મારી સાચી કેળવણી મને સાંગલી અને પૂણે વચ્ચે ટ્રેનમાં જ મળી ચૂકી.

## શબ્દ-સમજૂતી

**જીવનપાથેય** જીવનનું ઉપયોગી ભાથું, યોગ્ય માર્ગદર્શન **શાખ** આબરૂ **એલ.સી.ઈ.** ઈજનેરી પરીક્ષા પાસ કરનારને મળતી ડિગ્રી **મામલતદાર** તાલુકાનું વસૂલાત સંબંધી કામ કરનાર અમલદાર **મુનસફ** દીવાની ન્યાયાધીશ **પ્રૉમિસરી નોટ** સરકારને રાજ્યના કામ માટે લોકો પાસેથી નાણાં લેવા પડે ત્યારે નાણાંને બદલે લખી અપાતું બાંયધરી પત્ર **હીનતા** અધમતા હલકાપણું

## રૂઢિપ્રયોગો

**ઉમેદ બર ન આવવી** – આશા સફળ ન થવી, ઇચ્છા પ્રમાણે પરિણામ ન આવવું **શાખ જામવી** – પ્રતિષ્ઠા ઊભી થવી **એકના બે ન થવું** – પોતાની વાત પર મક્કમ રહેવું **સડક થઈ જવું** – આશ્ચર્યમૂઢ થઈ જવું **નામ લજવવું** – અપકીર્તિ અપાવવી

## ભાષા-સજ્જતા

❀ **નીચેનાં વાક્યો વાંચો.**

(1) એ લાઈનમાં લાંચ ખૂબ મળે છે.

(2) એ લાઈનમાં લાંચ ખૂબ મળતી હતી.

(3) એ લાઈનમાં લાંચ ખૂબ મળશે.

(4) જીવરામ ભટ્ટ કાલે પોતાના ગામમાં હતા.

(5) જીવરામ ભટ્ટ આજે પોતાના સાસરિયામાં છે.

(6) જીવરામ ભટ્ટ આવતી કાલે પોતાના ગામ જશે.

ઉપરનાં વાક્યોમાં પહેલા અને પાંચમા વાક્યમાં ક્રિયા ચાલુ હોવાનો નિર્દેશ છે. બીજા અને ચોથા વાક્યમાં ક્રિયા પૂર્ણ થઈ હોવાનો નિર્દેશ છે. જ્યારે ત્રીજા અને છઠ્ઠા વાક્યમાં ક્રિયા થવાની સંભાવનાનો નિર્દેશ છે.

- કરે છે, રમે છે, જમે છે, ચીડવે છે, મળે છે વગેરે વર્તમાનકાળ દર્શાવે છે.
- કર્યું હતું, કરતો હતો, ચીડવતો હતો, ગામમાં હતા, મળતી હતી વગેરે ભૂતકાળ દર્શાવે છે.
- કરતો હશે, જમતો હશે, રમતો હશે, ચીડવશે, મળશે, જશે વગેરે ભવિષ્યકાળ દર્શાવે છે.

❁ જે વાક્યમાં ક્રિયા ચાલુ હોવાનો નિર્દેશ હોય તે વાક્ય વર્તમાનકાળ સૂચવે છે.

❁ જ્યારે કોઈ વાક્યમાં ક્રિયા પૂર્ણ થઈ હોવાનો નિર્દેશ હોય ત્યારે તેવું વાક્ય ભૂતકાળ સૂચવે છે.

❁ જ્યારે કોઈ વાક્યમાં ક્રિયા થવાની સંભાવનાનો નિર્દેશ હોય ત્યારે તેવું વાક્ય ભવિષ્યકાળ સૂચવે છે.

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ-અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) પિતાશ્રી દત્તુને કૉલેજમાં ભણવા ન મોકલવાનું વિચારતા હતા કારણ કે ............... ☐

(ક) દત્તુ હોંશિયાર ન હતો.

(ખ) કૉલેજની ફી વધુ (મોંઘી) હતી.

(ગ) દત્તુને કમાતો કરી દેવો હતો.

(ઘ) દત્તુના બધા ભાઈઓ કૉલેજમાં નિષ્ફળ રહ્યા હતા.

(2) 'જીવનપાથેય' પાઠમાંના 'વિચારશૃંખલા' શબ્દનો અર્થ છે............... ☐

(ક) વિચારોની ક્રમિકતા (ખ) પ્રવાસ

(ગ) ધ્યેય (ઘ) માન્યતા

(3) કાકાસાહેબને બાળપણમાં કુટુંબીજનો કયા નામે બોલાવતા ? ☐

(ક) સત્તુ (ખ) દત્તુ (ગ) કક્કુ (ઘ) કાકુ

(4) લેખકને આખી રાત ગાડીમાં ઊંઘ ન આવવાનું કારણ કયું હતું ? ☐

(ક) પસ્તાવો થતો હતો. (ખ) યોજના બંધ રહી હતી.

(ગ) પિતાજી માન્યા નહીં. (ઘ) હવે હું કઈ રીતે ભણીશ ?

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો.**

(1) લેખકના પિતાશ્રી શા માટે હતાશ થયા હતા ?

(2) લેખકની શાખ ક્યારે જામી ?

(3) 'વાંક બીજાનો ને સજા મને થાય છે ?' એમ કોણ વિચારતું ?

(4) લેખકને સાચી કેળવણી ક્યાં મળી ?

**3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

(1) પૈસાદાર થવા બાબતે લેખકની શી માન્યતા હતી ?

(2) લેખકના પિતાશ્રી પૂણે શા માટે જાય છે ?

(3) લેખકને સાચી કેળવણી ક્યારે મળી ?

E5M9K2

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

(1) કાકાસાહેબના પિતાશ્રી શરૂઆતમાં એમને કૉલેજમાં મોકલવા કેમ ઇચ્છતા ન હતા ? એમનો વિચાર શાથી બદલાયો ?

(2) કાકાસાહેબનો વકીલને બદલે એન્જિનિયર થવાનો હેતુ શો હતો ?

(3) લેખકના કયા સૂચનથી એમના પિતાશ્રીને આઘાત લાગ્યો ?

(4) કાકાસાહેબના વિચાર જાણી એમના પિતાશ્રીએ શો ઉત્તર આપ્યો ?

(5) પિતાશ્રીનો ઉત્તર સાંભળતાં કાકાસાહેબની શી સ્થિતિ થઈ ? એમણે શો નિશ્ચય કર્યો ?

(6) કાકાસાહેબ 'અધર્મમાં પણ ધર્મબુદ્ધિ' કઈ રીતે સાચવવા ઇચ્છે છે ?

**2. નીચેનાં વિધાનો કોણ બોલે છે અને કોને કહે છે તે લખો.**

(1) 'નોટોના ભાવ રોજ બદલાય છે.'

(2) 'મેં માન્યું નહોતું કે તારામાં આવી હીનતા હશે.'

(3) 'તારી કેળવણી પર ધૂળ છે.'

(4) 'તું કૉલેજમાં જાય છે ત્યાં ભણીને તું એવું જ કરવાનો ને ?'

**3. રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યપ્રયોગ કરો.**

(1) ઉમેદ બર ન આવવી (2) શાખ જામવી (3) એકના બે ન થવું

(4) ગળગળા થવું (5) સડક થઈ જવું

**4. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂર્ણ કરો.**

(1) પિતાશ્રી પીગળ્યા ............... એમણે મને કૉલેજમાં જવાની રજા આપી. (પણ, કારણ કે, અને)

(2) આ વિચાર અનેકવાર મનમાં આવતા, ............... કોઈની આગળ એ બોલવાની મારી હિંમત ન હતી. (અને, પણ, કારણ કે)

(3) આપણી પાસે કંઈ એવી મૂડી નથી ............... આપણે વેપાર કરી પૈસાદાર થઈ શકીએ. (અને, કે, પણ)

**5. યોગ્ય વિરામચિહ્નો મૂકો.**

(1) મેં એમને કહ્યું તમે જાણો છો કે મારું અંગ્રેજી અને ગણિત બંને સારાં છે.

(2) ત્યાં ભણીને તું એવું જ કરવાનો ને એના કરતાં અહીંથી જ પાછો જાય એ શું ખોટું.

**6. જોડણી ધ્યાનમાં રાખો અને લખો.**

ધર્મબુદ્ધિ, વિચારશૃંખલા, નિશ્ચય, પિતાશ્રી

**7. નીચેના વાક્યો વાંચી એની સામે એનો કાળ લખો.**

(1) વાંક બીજાનો ને સજા મને થાય છે !

(2) હું આર્ટ્સ કૉલેજમાં જઈશ.

(3) મારું અંગ્રેજી અને ગણિત બંને સારાં છે.

(4) મેં મનમાં વિચાર કરેલો.

(5) એ વખતે પિતાશ્રી ખૂબ હતાશ થયા હતા.

(6) તેમણે અંગ્રેજી કેળવણી પાછળ ભારે ખર્ચ કર્યો હતો.

## પ્રવૃત્તિઓ

- ‘સત્યના પ્રયોગો’ પુસ્તકમાંથી ‘ચોરી અને પ્રાયશ્ચિત’ પ્રકરણ મેળવી પ્રાર્થનાસભામાં નાટ્યસ્વરૂપે રજૂ કરો.
- આ પાઠનું નાટ્યરૂપાંતર કરી વર્ગમાં ભજવો.
- શિક્ષકની મદદથી ‘રામહાટ’ અને ‘ખોયા-પાયા’ જેવા પ્રયોગો કરો.


# 8 માલમ હલેસાં માર

- લોકગીત

લોકસાહિત્યમાં કૃતિના રચનાર વિશે આપણને ભાગ્યે જ કશી માહિતી મળતી હોય છે. ક્યારેક રચના કોઈ એક વ્યક્તિનું સર્જન પણ હોઈ શકે, તો ક્યારેક એક કરતાં વધુ વ્યક્તિઓનો પણ એમાં હિસ્સો રહ્યો હોય. લોકસાહિત્યમાં માનવજીવનનાં તળપદાં સંવેદનોને સરસ વાચા મળતી હોય છે, લોકગીત પણ લોકસાહિત્યનો પ્રકાર છે.

આપણી ખામી બાબતે કોઈ મ્હેણું મારે તો, દુઃખી થવાને બદલે સુધરવા પ્રયત્ન કરીએ તો જીવનમાં સુખી થઈએ. નાનકડી ટકોર પણ જીવનને કેવું સરસ રૂપ આપી શકે ! અહીં દિયર-ભાભીની વાત છે. ભાભીએ દિયરને મ્હેણું માર્યું છે કે ‘એ આળસુ છે, ભાઈની કમાણી પર જલસા કરે છે !’ દિયરને મ્હેણું લાગે છે ને દરિયો ખેડીને કમાવા ને ભાભીને ખુશ કરવાની નેમ લે છે - આ લોકગીતમાં દિયર-ભાભી વચ્ચેના વાસ્તવિક સંબંધોનું ચિત્ર ઊપસી આવે છે.

માલમ મોટાં હલેસાં તું માર,
મારે જાવું મધદરિયાની પાર
મેણું માર્યું છે મને ભાભલડીએ,
દે’ર આળહુંનો સરદાર;
હે...ભાઈ કમાય ને તું ઘોડલાં ખેલવે,
એનો બળ્યો અવતાર રે... માલમ



જાવું છે મારે જાવા બંદરે જ્યાં
લખમીનો નહિ પાર
હે... જાવે ગિયા કોઈ પાછા ન આવે,
આવે તો બેડલો પાર રે... માલમ
જાવું છે મારે સિંહલદ્વીપમાં
પરણવા પદમણી નાર;
હે... મોતીડે પોંખે જો ભાભલડી મારી
તો તો જીવવામાં સાર રે... માલમ
કેસરભીનાં તમે જીવો ભાભલડી મારાં
જીવો જીભલડીની ધાર;
હે... મેણાં મારીને મારી મતિ સુધારી
ખોલ્યાં તે મનનાં દ્વાર રે... માલમ
માલમ મોટાં હલેસાં તું માર,
મારે જાવું મધદરિયાની પાર...

## શબ્દ-સમજૂતી

**માલમ** વહાણ હંકારનાર **મેણું** કડવાં વેણ **બળ્યો અવતાર** નકામો અવતાર **જાવા** હિંદ મહાસાગરનો એક બેટ **દે’ર** દિયર **સિંહલદ્વીપ** શ્રીલંકા **પદમણી** સુંદર અને ગુણિયલ સ્ત્રી **પોંખવું** વધાવવું **મતિ** બુદ્ધિ

## રૂઢિપ્રયોગો

**મેણું મારવું** – કડવા શબ્દો કહેવા
**બેડલો પાર થવો** – (અહીં) ઇચ્છા હેમખેમ પાર પડવી
**ઘોડલાં ખેલવાં** – (અહીં) મોજમજા કરવી

## ભાષા-સજ્જતા

- કબૂતર ઊડ્યું.
- અમદાવાદ શહેર છે.
- ચાંદો ઊગ્યો.

**હવે નીચેનાં વાક્યો વાંચો.**

- સફેદ કબૂતર ઊડ્યું.
- અમદાવાદ મોટું શહેર છે.
- રૂપેરી ચાંદો ઊગ્યો.

પ્રથમ વાક્યો જ્યારે બીજા સ્વરૂપે વાચ્યાં ત્યારે તમને શો ફરક જણાયો ? તમે જોયું હશે કે બીજી વારનાં વાક્યોમાંના **'સફેદ', 'મોટું', 'રૂપેરી'** શબ્દો **'કબૂતર', 'શહેર'** અને **'ચાંદો'** જેવી સંજ્ઞાઓના અર્થમાં વધારો કરે છે. તેથી તે વિશેષણો છે. તમે ધોરણ 6માં વિશેષણ વિશે ભણ્યાં છો. અહીં તમે એક બાબત નોંધી ? **'સફેદ', 'મોટું'** અને **'રૂપેરી'** શબ્દો ગુણ દર્શાવે છે.

**ગુણ દર્શાવતાં વિશેષણોને ગુણવાચક વિશેષણ કહે છે.**

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ-અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો.**

(1) 'માલમ મોટાં હલેસાં તું માર...' આ વાક્ય કોણ બોલે છે ? ☐

(ક) કવિ (ખ) દિયર (ગ) ભાભી (ઘ) નાવિક

(2) દિયરને દરિયાપાર શા માટે જવાની ઈચ્છા છે ? ☐

(ક) રહેવા (ખ) કમાવા (ગ) ફરવા (ઘ) પરણવા

(3) 'મેણાં મારીને મારી મતિ સુધારી'-અહીં 'મતિ સુધારી' એટલે .............. ☐

(ક) બુદ્ધિ આવી (ખ) સાચું જ્ઞાન થયું

(ગ) કમાતો થયો (ઘ) પરણવા તૈયાર થયો

(4) દિયરે ભાભીને કેવાં કહ્યાં છે ? ☐

(ક) સમજદાર (ખ) જ્ઞાની (ગ) સ્નેહભીનાં (ઘ) કેસરભીનાં

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો.**

(1) માલમને ‘મોટાં હલેસાં માર’ આવું શા માટે કહ્યું છે ?

(2) ભાભીએ દિયરને કેવું મહેણું માર્યું છે ?

(3) દિયરને જાવા બંદરે શા માટે જવું છે ?

(4) દિયરને સિંહલદ્વીપ શા માટે જવું છે ?

(5) દિયરને જીવવામાં સાર ક્યારે લાગે છે ?

(6) ભાભીએ આળસુ દિયરની મતિ કેવી રીતે સુધારી ?

**3. નીચેના પ્રશ્નનો ઉત્તર લખો.**

દિયર ભાભી વિશે શું કહે છે ? શા માટે

U9E3A2

## સ્વાધ્યાય

**1. સૂચવ્યા મુજબ ઉત્તર લખો.**

(1) આળસથી થતું નુકસાન ચાર-પાંચ વાક્યોમાં લખો.

(2) તમે કોઈ પાસેથી કાંઈ સારું શીખ્યાં હો તો તે પ્રસંગ લખો.

(3) તમારા ગામમાં કોઈ સ્થાનિક કલાકાર પાસેથી આ ગીત જેવાં બે લોકગીતો મેળવીને એનું વર્ગસમક્ષ ગાન કરો.

**2. નીચે આપેલા શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધીને લખો.**

(1) ભાભી – (2) લક્ષ્મી –

(3) દિયર – (4) ગયા –

(5) આળસ – (6) નારી –

(7) ઘોડા – (8) જીભ –

**3. નીચની ખાલી જગ્યામાં જરૂરી શબ્દો મૂકી પંક્તિનું ગાન કરો.**

કેસરભીનાં તમે જીવો ........................ મારાં

જીવો ........................ની ધાર;

હે ..... મેણાં મારીને મારી ........................ સુધારી

ખોલ્યાં તે ........................ નાં દ્વાર રે... માલમ.

4. તમારી સ્થાનિક બોલીના દસ શબ્દો લખો.

5. નીચે આપેલી પંક્તિઓ પૂર્ણ કરો.

(1) જાવું છે મારે ..........................

.......................... પદમણી નાર;

(2) હે... મોતીડે .......................... જો ભાભલડી મારી

તો તો .......................... સાર રે... માલમ

(3) કેસરભીનાં તમે .......................... ભાભલડી મારાં

જીવો .......................... ની ધાર;

(4) હે .......................... મારીને મારી મતિ સુધારી

.......................... મનનાં દ્વાર રે... માલમ

6. આ કાવ્ય મુખપાઠ કરો.

### પ્રવૃત્તિઓ


- પ્રૉજેક્ટ : તમારા વિસ્તારનાં લોકગીતો એકઠાં કરી તેના હસ્તલિખિત અંક તૈયાર કરો.
- તમારા વિસ્તારમા ગવાતાં લોકગીતોમાંથી તમને ગમતું એક ગીત પ્રાર્થનાસભામાં રજૂ કરો.

•

# 9 બાનો વાડો

J8D7R2

**પ્રવીણ દરજી**
જન્મ : ઈ. સ. 1944




પ્રવીણ શનિલાલ દરજીનો જન્મ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના મહેલોલ ગામમાં થયો હતો. કવિતા, નિબંધ, વિવેચન, ચરિત્ર, અનુવાદ, સંપાદન, બાળસાહિત્ય - એમ વિવિધ સ્વરૂપોમાં તેમનું અર્પણ રહ્યું છે. 'લીલાંપર્ણ', 'ઘાસનાં ફૂલ', 'વેણુરવ', 'ગાતાં ઝરણાં' અને 'પંચમ' વગેરે લલિતનિબંધના તેમના સંગ્રહો છે.

'ગાતાં ઝરણાં' સંગ્રહમાંથી લેવામાં આવેલા આ લલિતનિબંધમાં તેમણે બાનું સુરેખ ચિત્ર અંકિત કર્યું છે. સાથે 'વાડો' પણ તેમની વિશિષ્ટ ગદ્યશૈલીને કારણે એકદમ જીવંત બની રહ્યો છે. ભારતીય જનજીવનમાં પ્રકૃતિપ્રેમ સહજ રીતે વણાઈ ગયો છે - એ પણ અહીં અનુભવી શકાય છે.

બાને હવે પંચોતેર થયાં; છતાં બા પંચોતેરની લાગે નહિ, અને બા એમ સ્વીકારે પણ નહિ. બા જીવી છે જ એવું કે ઉંમર કે નિરાશાને નજીક ઢૂંકવા જ ન દે. નિરંતર ઉદ્યોગ એટલે બા. બા માટે એક જ શબ્દ વાપરવાનો હોય તો કહું - જાજરમાન બા. નીચી-બેઠી દડીની, મજબૂત બાંધાની. આજે પણ એવી જ દમામદાર લાગે. થાય છે - બાનો જીવનરસ કયો ? ક્યાં મૂળિયામાંથી પોષણ મેળવતી-મેળવતી તે આજે પણ કાળની તડકી-છાંયડી વચ્ચે પ્રસન્ન અને ઉદ્યમી રહી શકી હશે ? દસકા પૂર્વે બાપુજીનું અવસાન થતાં અમારા જીવનઘરનો તોતિંગ મોભ તૂટી પડ્યો હતો. હું ધારતો હતો કે હવે બા ભાંગી પડવાની; પાંચેક વર્ષ માંડ... કદાચ જીવે તોપણ અંદરથી તૂટી ગઈ હશે. સૂકા ઘાસની પત્તીની જેમ આમતેમ ફંગોળાતી રહેશે. પણ ના; એવું કશું બન્યું નહિ. બા સમયને જીરવી ગઈ, જીતી ગઈ. હૃદયના ભંડકિયામાં આંસુની બધી ખારાશ અને જખમોને ભરી દીધાં. પોતાના કામઢા વ્યક્તિત્વને અળપાવા દીધું નહિ. પિતાજીની વાત નીકળતાં, સુખનો અતિરેક થતાં, બાની આંખ ભીની થઈ જતી, અવાજ તરડાઈ જતો : ''આ બધું તારા બાપા હોત અને નજરોનજર જોતા તો ! કેટલા ખુશ થતા ! દુખિયારો જીવ સુખ જોવા જ ન પામ્યો. મને મૂઈને શું કામ જિવાડી ?' બસ, પછી બા ચૂપ થઈ જતી. થોડીક પળો પછી પાછી સ્વસ્થ, વાદળ જેવું, મન કરી દેતી. બા વીતી ગયેલા દિવસોના રસ્તે નિમિત્ત મળતાં આવીને ઊભી તો રહે છે, પણ ત્યાંથી ઝડપથી નીકળી પણ જાય છે. નિરંતર નવી કેડીની એની શોધ રહે છે. બા ક્ષણેક્ષણનો પોતાની પાસે હિસાબ લે છે; ઊધડો પણ લે. બીજાં કરે કે ન કરે, એ એનું કામ કર્યે જ જાય. કર્મ અને ધર્મ તેણે એક કરી મૂક્યાં છે. બાના જીવનસ્રોત

વિશે વિચારતાં ઘણી બધી બાબતો મનમાં, આમ તો ઊમટી આવે છે. પણ એ સર્વમાં મોખરે મૂકી શકાય તેવી બાબત વાડાની. હા, અમારા વતનના ઘર પછવાડે ઘણો મોટો વાડો છે. બાને પ્રકૃતિ, ઝાડ-પાન અને ફળ-ફૂલમાં ભારે રસ ! બા માટે વાડો અમુક-તમુક ફૂટ જગા નથી. એ એના જીવનનું એક સ્વજન છે. જેટલો તેણે વાડાને પ્રેમ કર્યો છે, એટલો કદાચ અમોને નથી કર્યો. બાનું જીવન અને મુક્તિ-જે ગણો એ વાડો રહ્યો છે અને આ વાડો એટલે ? બન્ને તરફ,



વાડાની હદ પૂરી થાય ત્યાં સુધી થોર અને મહેંદીની વાડ. એની વચ્ચે જાતે તૈયાર કરેલો માંડવો. માંડવા ઉપર કારેલી-કંકોડીથી માંડીને અનેક શાકભાજીનાં વેલા ઉપરાંત નીચે મકાઈના-ભીંડાના ચાસ, રીંગણ-મરચાં, દાડમ, જામફળ, કોળું, સીતાફળ, પપૈયાં - કહો કે એના હૃદય જેટલી સમૃદ્ધિ એ વાડામાં ! અને ફૂલો ? મોગરો, જાસૂદ, કાગડી, અમરીચમરી, ગુલાબ, કરેણ, સૌભાગ્યસુંદરી, પારિજાત... સુગંધનો દરિયો જોઈ લો ! વહેલી સવારે વાડની બન્ને બાજુ, થોરને અડીને ભાત-ભાતનાં પુષ્પો બાલમંદિરનાં ભૂલકાં બનીને ઝૂમતાં હોય ! અને વાડામાં ઔષધીય છોડ પણ મળે જ. તુલસી, કરિયાતું, અરડૂસી, ખરસાંડી જ્યારે માગો ત્યારે હાજર ! એક નાનું, મજાનું ઔષધાલય

જોઈ લો જાણે ! મીઠો લીમડો અને લીંબુ પણ ખરાં જ. અને આ સિવાયનું બીજું તો ઘણું બધું... બસ, બીજું કંઈ નહિ, એક વાડાને બોલવા દઈએ તોપણ આપણે પામી શકીએ બાના અતીત અને વર્તમાનના વૈભવને. સમયનાં પગલાંને તેણે આ વાડા વડે સ્મારકમાં ફેરવી નાંખ્યાં છે.

બા જ્યાં હોય ત્યાં, એની વાતનો વિષય વાડો જ હોય. વાડામાં ઊગેલી અને હવે થનાર વનસ્પતિ વિશે પણ બધો નકશો જીભના ટેરવે ! બા જ્યાં જાય ત્યાં એની થેલીમાં વિવિધ ફૂલો, ફળોના બી મળે. ક્યાંકથી લાવે, કોઈકને ખેરાત કરે. પોતાના જ દીકરાના ઘરે બે-ત્રણ દિવસથી વધુ રહેવાનું થાય તો બા વાડા વિના ઝુરાપો અનુભવે. વાડાનું શુંય થઈ ગયું હશે : ભૂંડ પેસી ગયાં હશે, વાંદરાંઓએ ખેદાનમેદાન કરી નાખ્યું હશે, લોકોએ આડેધડ ફૂલો ચૂંટી લીધાં હશે, કાચાં ને કાચા લીંબુ કોઈ લઈ ગયું હશે વગેરે... વગેરે... બા બેચેન થઈ જતી અને અમુક દિવસે તો તે કોઈનુંય માન્યા વિના, વાડાના લગાવને કારણે મક્કમતાથી ચાલી નીકળે. વતન જઈને જ જંપે. પછી વાડો ખુશ અને બા પણ ખુશ !

બાને છાબડી ભરી ભરીને મંદિરમાં ફૂલો મોકલતાં મેં જોઈ છે. સવારે વારાફરતી દસથી પંદર જણ આવે, એ સૌને માટે બા પહેલી સવારે ઊઠે, ફૂલો ચૂંટે અને પિત્તળની ચકચકતી થાળીમાં એકઠાં કરી રાખે. પછી આવનાર દરેકને તે સરખા હિસ્સે હોંશે હોંશે આપે. બાનો ચહેરો ત્યારે આશકા જેવો નિર્મળ બની જતો. મીઠો લીમડો લેવા તો ફળિયા ઉપરાંત આખું ગામ આવે ! બા બધી વેળા જાતે લીમડો તોડીને આપે-કામ પડતું મૂકીને. ક્યારેક જ એના ચહેરા ઉપર ક્લેશ જણાય; નહિ ગમતી કોઈ વ્યક્તિ આવી પડે ત્યારે ! છતાં એનેય લીમડો તો આપે જ. લીંબુ લેવા ઓછાં જણ આવે. પણ ભદ્ર, નોકરિયાતો ‘પેટમાં વીતે છે’, ‘તાવ આવે છે’ - એવાં બહાના કાઢી બા પાસે લીંબુ લેવા આવે. બા આનાકાની વિના આપે પણ અંદરથી સમજે - બીમારીનું તો બહાનું છે; મૂળે તો મફતિયું શરબત પીવું હશે ને ! બા એ રીતે ભોળી નહિ, ભલી ખરી. પપૈયાં, જામફળ અને શાકભાજી તો તે રીતસર લૂંટાવે. અમે શાળાએથી ઘેર આવીએ એટલે બે-ત્રણ દિવસે થેલી લઈને અમુકના ઘેર એ શાકભાજી આપવા અમોને મોકલે. ‘ખાયા સો ખોયા; ખિલાયા સો પાયા’ - એ જાણે બાનું જીવનસૂત્ર રહ્યું છે !

બાને છોડની માવજત કરતી જોવી એ પણ એક લ્હાવો છે. નળ તો ગામડે હમણાં થયા. પહેલાં તો કૂવેથી જ, ચાકળી મારફતે પાણી ખેંચી લાવવું પડે. બા તે કરે. એકેએક છોડ, ક્યારો તૃપ્ત થાય ત્યાં સુધી એ પાણી રેડે, એ છોડને જાતે ગોડ મારે, સવારે ઊઠીને ભેગું કરેલું છાણ છાણિયા ખાતર તરીકે વાપરે, લીંબુ વગેરેમાં ચામડાના ટુકડાઓ દાબે. દરેકેદરેકની પૂરેપૂરી, રોજેરોજ કાળજી લે. વાડાના વાતાવરણમાં, એકાદ છોડમાં પણ ક્યાંય ફરક પડે તો બાને તેની

તરત જાણ થઈ રહે. બાને સાચેસાચ પામવી હોય તો વાડાની અડખેપડખે જ પામી શકાય. એમ હું ખાતરીબંધ કહી શકું. બાની નજર વાડે વાડે હરણની જેમ ફરતી, પુષ્પે પુષ્પે પતંગિયાની જેમ ઊડાઊડ કરતી, શાકને માંડવે ખિસકોલીની જેમ સરકતી રહેતી અને જમીન ઉપરના છોડનું નિરીક્ષણ કરતી વેળા એ નજર વરસાદી ગાય બની જતી; ધીમેથી, બધું જ ઝીણેરું તે જુએ.

બા કશેક જાય ને જો ત્યાં વાડા જેવું, ફૂલ-ફળાદિ નિહાળે તો ત્યાં તે લટાર માર્યા વિના રહે જ નહિ; એટલું જ નહિ, એની થેલીમાં કોઈક છોડની કલમ, કોઈક આખો ને આખો છોડ આવી પડે ! બામાં આજે પણ, વાડાની વાત આવતાં, હું દસ વર્ષની મારી ઉંમરે મુગ્ધતા, જે વિસ્મય તેનામાં જોતો હતો, એવાં જ મુગ્ધતા-વિસ્મય નિહાળું છું.

કોને ખબર આ વાડો કંઈ નવી વસ્તુ બા સામે આમ દરેક વખતે ધરી દેતો હશે ?

**(“ગાતાં ઝરણાં”માંથી)**

## શબ્દ-સમજૂતી

**નજીક ઢૂંકવું** પાસે આવવું **જાજરમાન** પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવનાર **તડકી-છાંયડી** સુખ અને દુઃખ **તોતિંગ મોભ** વજનદાર મોભ **ઘરનો આધાર તૂટી પડ્યો હતો** ઘરની મુખ્ય વ્યક્તિ મૃત્યુ પામી હતી **અખિલાઈ** સમગ્રતા **છિન્નભિન્ન થઈ જશે** વેરણ-છેરણ થઈ જશ, નાશ પામશે **હૃદયના ભંડકિયામાં આંસુની બધી ખારાશ અને જખમોને ભરી લીધાં** બધાં દુઃખોને પચાવી ગયાં, દુઃખ દેખાવા ન દીધું **કામઢા** ઉદ્યમી, મહેનતુ **અળપાવા દીધું નહિ** ઝાંખું પડવા દીધું નહિ; ટકાવી રાખ્યું **અતિરેક થતાં** વધી પડતાં **નિરંતર** હંમેશાં **કર્મ અને ધર્મ તેણે એક કરી મૂક્યાં છે** એમણે કર્મને જ ધર્મ અને ધર્મને જ કર્મ કરી મૂક્યું હતું **જીવનસ્રોત** જીવનપ્રવાહ **ઊમટી આવે છે** એકસાથે આગળ આવે - ધસી આવે છે, (અહીં) યાદ આવે છે. **મોખરે** આગળ, પ્રથમ **સુગંધનો દરિયો** પાર વિનાની સુગંધ **ઔષધીય છોડ** દવા તરીકે કામ લાગતા છોડ **ઔષધાલય** દવાખાનું **ઈતર** બીજું **અતીત અને વર્તમાન** ભૂતકાળ અને વર્તમાનકાળ, પાછલું જીવન અને આજનું જીવન **સ્મારક** યાદગીરીનું - સ્મૃતિનું સ્થાન **જિહ્વાગ્રે** જીભને ટેરવે **ખેરાત કરે** દાન કરે, મફત આપે. **ઝુરાપો** દૂર હોવાને કારણે મનમાં સતત રહેતો મળવાનો ભાવ **આડેધડ** જેમ આવે એમ **આશકા** ગોડ-છોડની આસપાસની માટીને ખોદવી **કલેશ** દુઃખ **જીવનસૂત્ર** જીવનમંત્ર **ચાકળી** નાની ગાગર **તૃપ્ત થાય** પાણીથી તરબતર થાય **વરસાદી ગાય** ગોકળગાય

## રૂઢિપ્રયોગો

**ઢૂંકવા ન દેવું** – નજીક આવવા ન દેવું **તડકી-છાંયડી જોવી** – સુખ અને દુઃખ જોવાં **ઘરનો મોભ તૂટી પડવો** – ઘરની મુખ્ય વ્યક્તિ મૃત્યુ પામવી **છિન્નભિન્ન થઈ જવું** – વેરણ-છેરણ થઈ જવું **આંખ ભીની થઈ જવી** – આંખમાં આંસુ આવવાં **અવાજ તરડાઈ જવો** – ગદ્ગદિત થવું **વાદળ જેવું મન કરવું** – હળવા ફૂલ થઈ જવું, પ્રસન્ન બની જવું

## કહેવત

**ખાયા સો ખોયા, ખિલાયા સો પાયા** – ખાધું તે ખાધું, ખવરાવ્યું તે પામ્યા – પ્રાપ્ત કર્યું, જાતે ઉપભોગ ન કરતાં બીજાને ખવરાવીને રાજી થવા માટેનો બહુ સરળ પ્રયોગ

## ભાષા-સજ્જતા

**નીચેનાં વાક્યો ધ્યાનથી વાંચો.**

- મધમાખીને છ પગ હોય છે.
- ચાર વિદ્યાર્થીઓને ઈનામ મળ્યાં.
- મેં આ પુસ્તક સો રૂપિયામાં ખરીદ્યું.
- મેં બે ખાનાવાળો ડબ્બો પસંદ કર્યો.

ઉપરનાં વાક્યોમાં છ, ચાર, સો, બે એ સંખ્યા દર્શાવતાં વિશેષણો છે. આથી આવાં વિશેષણોને સંખ્યાવાચક વિશેષણ કહે છે.

આ પાઠમાંથી આવાં સંખ્યાવાચક વિશેષણો વપરાયાં હોય તેવાં વાક્યો શોધીને લખો.

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ-અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો.**

(1) લેખકની દૃષ્ટિએ ‘બા’ એટલે .... ☐

(ક) બેઠી દડીની, નીચી (ખ) મજબૂત બાંધાની

(ગ) પંચોતેર વર્ષની (ઘ) નિરંતર ઉદ્યોગ

(2) બા વીતી ગયેલા દિવસોના રસ્તે ઝડપથી નીકળી પણ જાય છે, એ વાક્યનો અર્થ છે....

(ક) બા ઝડપથી ચાલવા માંડે છે (ખ) બા દુઃખને ભૂલી જાય છે.

(ગ) બા ગામડે જતી રહે છે. (ઘ) બા યાદ કરે છે.

(3) બાનું એક સ્વજન એટલે...............

(ક) પિતાજી (ખ) ફળ-ફૂલ (ગ) લેખક (ઘ) વાડો

(4) બા ક્યારે વાડા વિના ઝુરાપો અનુભવે છે ?

(ક) બા પરદેશ જાય ત્યારે (ખ) પતિની યાદ આવે ત્યારે

(ગ) પડોશીને ત્યાં જાય ત્યારે (ઘ) દીકરાને ઘેર જાય છે ત્યારે

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક આપો.**

(1) બા દેખાવે કેવાં હતાં ?

(2) ભદ્ર કે નોકરિયાતો લીંબુ લેવા કેવાં બહાનાં કાઢતાં ?

(3) બાના વાડામાં કયા કયા ઔષધિય છોડ હતા ?

(4) બાનું જીવનસૂત્ર શું હતું ?

**3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

(1) પિતાજીની વાત નીકળતાં લેખકની બા તરડાયેલા અવાજે શું કહેતાં ?

(2) લેખકની બા 'સમયને જીરવી ગયાં' તેમ શાથી કહી શકાય ?

(3) બા બહારગામ જાય ત્યારે તેમને વાડા અંગે શી ચિંતા રહેતી ?

(4) લેખકે પાઠનું શીર્ષક 'બાનો વાડો' એવું શા માટે પસંદ કર્યું હશે ?

**4. નીચેનાં વિધાનો માટે કારણ આપો.**

(1) સુખનો અતિરેક થતાં બાનો અવાજ તરડાઈ જતો.

(2) બા પોતાના દીકરાને ઘેર બે-ત્રણ દિવસથી વધારે ન રહેતી.

(3) બા વહેલી સવારે થાળીમાં ફૂલ એકઠાં કરી રાખતી.

(4) લેખકના મતે બા ભોળી નહિ, ભલી ખરી.

4. બાનો પરિચય કરાવતાં પાંચ-સાત વાક્યો બોલો.

5. નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બોલો :

જાજરમાન, નિરંતર, જીવનસ્રોત, સમૃદ્ધિ

S8P2T5

## સ્વાધ્યાય

1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.

(1) 'નિરંતર ઉદ્યોગ એટલે બા' – એમ લેખક શા માટે કહે છે ?

(2) 'બાએ કર્મ અને ધર્મ એક કરી મૂક્યાં છે.' – તેવું લેખક શા માટે કહે છે ?

(3) તમારા દાદા કે દાદીની ગમતી પ્રવૃત્તિ વિશે લખો.

2. નીચે આપેલી પંક્તિનો વિચારવિસ્તાર કરો.

'ખાયા સો ખોયા, ખિલાયા સો પાયા'.

3. આ પાઠમાંથી ક્રિયાપદ વગરનાં વાક્યો શોધીને લખો.

**ઉદાહરણ :** બાને પ્રકૃતિમાં, ઝાડ-પાન અને ફળ-ફૂલમાં ભારે રસ.

4. શબ્દની આગળ 'અ' લગાડવાથી કેટલાક શબ્દો વિરુદ્ધાર્થી બને છે.

**દા. ત., સ્વચ્છ – અસ્વચ્છ.**

આવા બીજા શબ્દો પાઠમાંથી શોધીને લખો.

5. નુકસાન, ખેરાત, શરબત, નજર વગેરે અન્ય ભાષાના શબ્દો ગુજરાતી ભાષામાં પ્રયોજાય છે. આ શબ્દોનો વાક્યપ્રયોગ કરો.

## પ્રવૃત્તિઓ

- તમારાં દાદીમા વિશે દસેક વાક્યો નોંધપોથીમાં લખી વર્ગખંડમાં વાચન કરો.
- તમારા ઘરનો વાડો અથવા તમને ગમતા ફૂલ વિશે પાંચેક વાક્યો લખો.

# 10 વલયની અવકાશી સફર

**કિશોર અંધારિયા**

**જન્મ : 28-10-1961**



કિશોર કનૈયાલાલ અંધારિયાનો જન્મ ભાવનગરમાં થયો હતો. 'હિમખંડ' નવલકથા, 'મંગળ-અમંગળ' લઘુનવલ, 'વલયની અવકાશી સફર' નામે વિજ્ઞાનકથાનાં પુસ્તકો આપ્યાં છે. 'વલયની અવકાશી સફર'ને ગુજરાત સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક મળેલ છે.

'વલયની અવકાશી સફર' એક રોમાંચક વિજ્ઞાનકથા છે. વિજ્ઞાનકથાનો ઉદ્દેશ ભાષાના માધ્યમ દ્વારા બાળકમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ કેળવવાનો હોય. આ કથામાં કિશોરો કેવી રીતે અનુભવનું વિજ્ઞાન કામે લગાડે છે, એનું સુંદર વર્ણન મળે છે. અહીં કેટલાક અવકાશ વિજ્ઞાનને લગતા પારિભાષિક શબ્દોનો પણ આપણને પરિચય મળે છે.

---

શાળાઓમાં ઉનાળુ વૅકેશન પડી ગયું હતું. મે મહિનાની કાજળઘેરી રાત હતી.

વિસ્મય અને વિરાટ અત્યારે વલયની અગાશીમાં હતા. ત્રણેય પાકા ભાઈબંધ હતા. અભ્યાસમાં હોશિયાર હતા. વિજ્ઞાનમાં એમને ખૂબ રસ હતો.

ત્રણેય ઉનાળાના વૅકેશનમાં આજની જેમ જ ઘણીવાર વલયની અગાશીમાં સાથે સૂતા. રાતના લગભગ સાડાબાર થયા હતા. વલયને ઊંઘ આવતી હતી પણ પેલા બન્નેને નહોતી આવતી. તેઓ પથારીમાં પડ્યા પડ્યા વાતો કરી રહ્યા હતા.

ત્યાં જ વિસ્મયનું ધ્યાન આકાશમાં પ્રકાશિત એક લાલ ટપકા તરફ ગયું જે નીચેની તરફ આવી રહ્યું હતું. તેણે બન્નેને હાથથી ઈશારો કરી ત્યાં જોવા કહ્યું. વલય બોલી ઊઠ્યો, 'અરે, આ વગર દિવાળીએ રૉકેટ કોણે ફોડ્યું વળી ?'

પરંતુ તેઓની દારૂખાનાના રૉકેટ હોવા વિશેની માન્યતા ધીરે-ધીરે ભાંગવા લાગી. ટપકું મોટું થવા લાગ્યું. જેમ જેમ નજીક આવતું ગયું એમ તેનો રાતા રંગનો પ્રકાશ પણ વધુ લાગવા માંડ્યો. એની આસપાસનો આકાશનો વિસ્તાર ઝળહળી ઊઠ્યો. આ ચમકતો પદાર્થ જમીનથી નજીક પહોંચી ગયો. વલયના ઘરની પાછળના ભાગે મોટું મેદાન હતું જ્યાં દિવસે તેઓ ક્રિકેટ રમતા. એ લાલ રંગધારી પ્રકાશિત આકાર ધીરેધીરે આ મેદાન પર ઊતર્યો. જોવાનું એ હતું કે એનો કોઈ અવાજ નહોતો ! રાત્રિની નીરવ શાંતિમાં આ વિચિત્ર ઘટના જોઈ તેઓ અચંબામાં પડી ગયા. એનો રાતો પ્રકાશ અગાશીમાં એમના સુધી પહોંચતો હતો.

એક અજ્ઞાત ડરથી તેઓ ક્ષણવાર એકબીજા સાથે કંઈ બોલી ન શક્યા. આખરે વિરાટ ધીમા ભયભીત અવાજે બોલ્યો, 'આ... આવું મોટું પ્રકાશિત ગોળા જેવું શું હશે ? ને અત્યારે વળી અહીં... ?

વિસ્મયે તેનો હાથ હાથમાં લઈ કહ્યું, 'ગભરાતો નહિ... મારું અનુમાન છે. આ કોઈ બીજા ગ્રહનું યાન લાગે છે... આપણાં રૉકેટ કે સ્પેસ શટલ જેવું... પરંતુ એથી કેટલાય ગણું વધુ આધુનિક !'

વલયે બીજો વિચાર આપ્યો, 'હું નીચે જઈ મારા મમ્મી, પપ્પા અને કાકાને જગાડું ?

વિરાટે તેને અટકાવી કહ્યું, 'એવું તો ન જ કરાય... કારણ મોટાંઓ આપણે માનીએ તેટલાં નીડર નથી હોતા ! બીજું એ ડરના માર્યા આપણને પણ કંઈ કરતા અટકાવશે !

એકબીજાના હાથ પકડી તેઓ અગાશી પરથી બહારના દાદરથી નીચે ઊતર્યા. ત્રણેયના મનમાં થોડો ભય હતો અને સાથે ઘણી બધી જિજ્ઞાસા પણ. ધીમા પણ મક્કમ પગલે એ આગળ ચાલ્યા. રાતા રંગથી ઝળાહળાં આ રચના પાસે પહોંચ્યા ને ધ્યાનથી જોયું. તેનો આકાર લંબગોળ ઈંડા જેવો હતો. આસપાસ ન વર્ણવી શકાય તેવી વિચિત્ર વાસ આવતી હતી. એટલામાં કોઈ જોવા ન મળ્યું તેથી તેઓએ એની ફરતે ચક્કર મારી નિરીક્ષણ કર્યું. ક્યાંય દરવાજો કે બારી જેવું નજરે નહોતું પડતું. જાણે એક અખંડ રચના ! અચાનક ભરઉનાળાની રાત્રિએ રૂમમાં એ.સી. ફૂલ કરી નાખ્યું હોય એવી કડકડાતીભરી ઠંડીનો અનુભવ થવા લાગ્યો. ને અંડાકાર યાનમાં કંઈ ફેરફાર થયો. કમળની પાંદડીઓ જેમ ચારેય દિશામાં ખૂલી ગયું. હજુ એ કંઈક વિચારે તે પહેલાં બીજી જ ક્ષણે એ કોઈ પણ જાતના અવાજ વગર બંધ થઈ ગયું. નવાઈની વાત એ હતી હવે તેઓ એની અંદર હતા ! અંદર પણ રાતો પ્રકાશ ને આ ઠંડી ! ત્રણેયનો ફફડાટ વધી ગયો.

એક થડકારો અનુભવાયો. તેમણે એકબીજા સામે જોયું. મનોમન સમજી ગયાં કે હવે આ યાને જમીન પરથી ઊંચકાઈને પોતાનો પ્રવાસ ચાલુ કર્યો છે.

પોતાનું ઘર, પોતાનું ગામ, પોતાનું રાજ્ય, દેશ, ખંડ અને પૃથ્વી સઘળાથી તેઓ દૂર જઈ રહ્યાં હતાં. થોડો વાઈબ્રેશન સિવાય કશો અવાજ નહોતો. બહાર કંઈ જોઈ શકાય એવી વ્યવસ્થા નહોતી. હતી જાણે લાલ અંડાકાર જેલ ! ત્રણેય એટલું તો સમજી ગયાં હતા કે આ કોઈ પરગ્રહવાસીઓનું સ્વયંસંચાલિત યાન છે અને તેઓ હવે એમના કેદી છે.

• • •



કોણ જાણે કેટલા કલાકો વિત્યા હશે અહીં પહોંચવામાં ! કઈ આ જગ્યા હશે ? કયો ગ્રહ ને કઈ દુનિયા હશે ? પેલા યાનમાં કોઈ નહોતું એટલે કદાચ રિમોટ સંચાલિત હોય, પરંતુ હવે અહીં કોઈક જોવા મળવું જોઈએ ને !

યાન દ્વારા તેઓ આ વિચિત્ર દુનિયામાં પહોંચી ગયા હતા. અહીં પણ આછા કે ઘેરા લાલ રંગનું સામ્રાજ્ય લાગતું હતું. ઠંડી પણ ખૂબ હતી.

થોડીવાર પછી સામેના ષટ્કોણાકાર જેવા દરવાજામાંથી એક વિચિત્ર આકૃતિ અંદર પ્રવેશી. એ ત્રણેય પ્રથમ પૃથ્વીવાસી હતા જે અત્યારે પરગ્રહી જીવને જોઈ રહ્યા હતા. વિરાટને યાદ આવ્યું... આ જ ઇ. ટી. એટલે કે એક્સ્ટ્રા ટેરેસ્ટ્રિઅલ ? એનું શરીર રાખોડી રંગના રબરમાંથી બનેલું હોય તેવું નરમ-પોચું લાગતું હતું. નાક-કાન જેવી રચના કળાતી નહોતી. આંખો કપાળથી ઘણી નીચી, વિચિત્ર અને સંપૂર્ણ ગોળ હતી. પક્ષીની જેમ તેની ઉપર પાંપણો નહોતી. માથાનો ભાગ મોટો હતો અને તેની પર વાળ નહોતા. રાખોડી રંગના માથા પર એરિયલ જેવી બે-ત્રણ રચના લગાડેલી હતી.

એટલી વારમાં એ વિચિત્ર જીવ તેની સાવ નજીક આવી ગયો. તેણે વારાફરતી ત્રણેયના હાથને પોતાના હાથ વડે સ્પર્શ કર્યો. તેના હાથના વિચિત્ર લાંબા આંગળાઓ પર પુશબટન જેવી સ્વિચો જડાયેલી હતી. કદાચ એમાંથી કોઈ એવો પ્રવાહ તેઓના શરીરમાં વહ્યો કે તરત જ ત્રણેય ખેંચાતા ખેંચાતા એની પાછળ ચાલવા લાગ્યા.

તેઓ કેટલાક ષટ્કોણાકાર બાંધકામો વટાવી એક ઘણાં મોટાં ષટ્કોણ હૉલમાં પ્રવેશ્યા. પેલા વિચિત્ર જીવ જેવા અહીં કેટલાયે રાખોડિયા રંગના જીવો હતા. જાણે ભેદી ભૂતાવળની દુનિયા ! હૉલના પાંચ ખૂણામાં એ બધાંની વિચિત્ર બેઠક હતી. છઠ્ઠા ખૂણામાં આવો જ એક જીવ હતો જેની બેઠક વિશેષ ઊંચી હતી જેની સામે ડેશ બોર્ડ હતું અને તેની પર કેટલીય બટન સ્વિચો હતી. તેના માથા પર બીજા જીવો કરતાં વધારે સંખ્યામાં એરિયલના સળિયા હતા.

વિસ્મય, વલય, વિરાટ ત્રણેયને તેની પાસે લઈ જવામાં આવ્યા. તેઓ સમજી ગયા કે આ જીવ બધાનો 'બૉસ' હોવો જોઈએ !

હવે શું થશે ? તેઓને મારી નાખશે કે ગુલામ તરીકે અહીંયા રાખશે ? ની અટકળો કરતા આ ઠંડા રતાશ પડતા પરિસરમાં ત્રણેયના શરીરમાંથી ભયનું લખલખું પસાર થઈ ગયું ! બૉસ લાગતા પરગ્રહીએ તેઓની તરફ નજર માંડી અને પિયાનો વગાડતો હોય એમ ડેશ બોર્ડ પર આંગળીઓ ફેરવવા માંડી. જેવી આંગળી અટકી કે એ કન્ટ્રોલ બોર્ડની સ્પીકર જેવી રચનામાંથી અંગ્રેજીમાં અવાજ આવ્યો. અલબત્ત એ અવાજ યાંત્રિક હોય એમ લાગ્યું... 'પૃથ્વીવાસીઓ, અમારે તમારું અપહરણ કરવું પડ્યું છે. અમે અહીંથી પૃથ્વી પર જે યાન મોકલ્યું હતું તેમાં તમે ઝડપાઈ ગયા...'

ફરી પાછી પેલાએ આંગળીઓ ફેરવી. વિસ્મય અને વલય સમજી ગયા. આ એક એવી યાંત્રિક રચના લાગતી હતી જે દુભાષિયાનું કામ કરતી હતી અને તેની ભાષાનું અંગ્રેજીમાં રૂપાંતર કરી સંભળાવતી હતી.



આગળ સંભળાયું, 'તમે અત્યારે સૂર્યમાળાના છઠ્ઠા ગ્રહ શનિના ઉપગ્રહો પૈકીના ટીટાન નામના ચંદ્ર પર છો... અહીં માત્ર મારું સામ્રાજ્ય ચાલે છે... તમારા કરતા અમારી આ નાનકડી દુનિયા ઘણી આગળ છે...'

વલયને વિચાર આવ્યો. તે મનમાં અંગ્રેજીમાં વાક્ય ગોઠવી પછી બોલ્યો, 'પણ અહીં માત્ર રાતો પ્રકાશ છે... એમ કેમ છે... ?

થોડીવારમાં તેમાંથી વિચિત્ર યાંત્રિક અવાજ આવ્યા. પછી બૉસનો ઉત્તર સંભળાયો, 'શનિના ગ્રહ ફરતા વલયો છે એ તો તમે પૃથ્વીવાસી પણ જાણતા હશો... એમાંના બે વલયોમાંથી સૂર્યપ્રકાશ પરાવર્તન અને વક્રીભવન પામી એવી રીતે અમારી આ દુનિયા પર આવે છે કે માત્ર મોટી તરંગલંબાઈ ધરાવતો લાલ રંગ જ અહીં પહોંચે. અમારે મન તો આ જ પ્રકાશ ! બીજો પ્રકાશ ક્યારેય જોયો નથી અને અમે તેને સહી શકીએ કે કેમ એ પણ ખબર નથી !... બીજી વાત, તમને અને તમારા જેવા બીજા માનવોના અપહરણ કરી અમે તમારા ગ્રહ પર એ જાસાચિઠ્ઠી મોકલવા માંગીએ છીએ કે... આખી પૃથ્વી પર જેટલો યુરેનિયમ ધાતુનો જથ્થો છે, એ અમને આપી દો... અમારું એ મુખ્ય બળતણ છે અને અહીંની જમીનમાંથી તે મળતું નથી !'

'ધારો કે એમ ન કરવામાં આવે તો ?' વિરાટે પ્રશ્ન કર્યો.

'તો, અમે પૃથ્વી પરની સમગ્ર માનવજાતનું નિકંદન કાઢી નાખીશું !'

ત્રણેય ફફડી ઊઠ્યા.

વલયે ઈશારો કરી વિસ્મય અને વિરાટને વધુ નજીક બોલાવ્યા ને પછી કાનમાં કહ્યું. બન્નેને તેનો આઇડિયા ખૂબ ગમી ગયો. વલય અગાશીમાં રાતે સૂતી વખતે હંમેશા પોતાની પાસે ટૉર્ચ રાખતો હતો. એ બૅટરી યાનમાં જતી વખતે માંડ-માંડ પોતાના ખિસ્સામાં સંતાડી રાખી હતી. તરત તેણે એ કાઢી અને ઑન કરી. તેનો સફેદ પ્રકાશિત શેરડો પેલા બૉસ પર નાખ્યો. તેના માટે લાલ રંગ સિવાયની તરંગલંબાઈનો પ્રકાશ સહન થઈ શકે તેમ નહોતો. એક સામાન્ય ટૉર્ચ અહીં શક્તિશાળી શસ્ત્ર પૂરવાર થઈ. તેનો રબ્બરિયો રાખોડી દેહ આ રાતા રંગના પ્રકાશમાં જ વિકાસ પામ્યો હતો. તરત એને આ સફેદ પ્રકાશથી બળતરા થવા લાગી. એના દેહમાંથી યાંત્રિક અવાજો આવવાં લાગ્યાં અને એનું રબ્બરિયું પોચું શરીર ઓગળવા લાગ્યું !

હવે ત્રણેયના જીવમાં જીવ આવ્યો. ત્યાં સુધીમાં આ વિચિત્ર જીવોમાં મોટી ભાગદોડ મચી ગઈ. બૉસના તો ત્યાં જ રામ રમી ગયા. ક્ષણવારમાં બાજી આ ત્રણેય મિત્રોના હાથમાં આવી ગઈ. તેમણે અંગ્રેજીમાં કન્ટ્રોલ બોર્ડના માધ્યમ વડે તે જીવોને ધમકી આપી અને પોતાને તાત્કાલિક પૃથ્વી પર પાછા જવા માટે યાનની વ્યવસ્થા કરવા કહ્યું. ખૂબ જ ભયભીત થયેલા ઉપગ્રહવાસીઓને તરત જ તેમણે યાનમાં બેસાડી દીધા અને યાન પૃથ્વી સુધી પહોંચે એ માટે પ્રોગ્રામ્ડ્ કરી દીધું. ત્રણેયે લાલરંગી આ દુનિયાને અલવિદા કરી. વલયે પોતાની બૅટરી ફરી હાથમાં લીધી અને...

અગાશીમાં સૂતેલા વલયને એના મમ્મી ઢંઢોળતા હતા... 'ઊઠ ને, જો કેટલો દિવસ ચડી ગયો ! તારા બેય ભાઈબંધ ક્યારના ઊઠીને એના ઘરે ચાલ્યા ગયા... ને આમ બેબાકળો થઈ બેટરીને હાથમાં લઈ શું કરે છે ?... કોઈ સપનું તો નથી જોયું ને...!!!'

## શબ્દ-સમજૂતી

**કાજળઘેરી** કાજળ (મેંશ) જેવી કાળી **સ્પેસ શટલ** અવકાશયાન **અંડાકાર** ઈંડા જેવા આકારનું **એ.સી.** એર કન્ડિશનર (વાતાનુકૂલિત યંત્ર) **વાઈબ્રેશન** ધ્રુજારી **એક્સ્ટ્રા ટેરેસ્ટ્રિઅલ** પૃથ્વી પર ન રહેતું - પરગ્રહવાસી **પુશબટન** દબાવી શકાય એવું બટન **એરિયલ** ધ્વનિ વગેરે વહન કરનારા મોજાંને પકડવા માટે રેડિયો, ટી.વી. વગેરેનો હવામાં ઊંચે રખાતો તાર **કન્ટ્રોલ બોર્ડ** સંદેશો ટાઈપ કરવા માટે કી-બોર્ડ જેવું સાધન **જાસાચિઠ્ઠી** જાસાનું કારણ દર્શાવતી ચિઠ્ઠી, કંઈક માગણી અંગે ધમકી ભરી ચિઠ્ઠી **અચંબો** નવાઈ **દુભાષિયો** બે ભાષામાં વાત કરી શકે એ

## રૂઢિપ્રયોગ

**નિકંદન કાઢવું** - જડમૂળમાંથી નાશ કરવું.

## ભાષા-સજ્જતા

**નીચેનાં વાક્યો ધ્યાનથી વાંચો.**

- **પહેલું** સુખ તે જાતે નર્યા.
- **દસમા** વિદ્યાર્થી તરીકે શિક્ષકે એને ઈન્સ્પેક્ટર આગળ ઊભો કર્યો.
- નિજ **બીજા** નંબરે પાસ થયો.
- દોડ સ્પર્ધામાં તેનો **ત્રીજો** નંબર આવ્યો.

ઉપરનાં વાક્યોમાં **પહેલું, દસમું, બીજા** અને **ત્રીજો** એ વિશેષણ ક્રમ દર્શાવે છે. **ક્રમ દર્શાવતા વિશેષણને ક્રમવાચક વિશેષણ કહેવામાં આવે છે.**

પાઠ્યપુસ્તકમાંથી ક્રમવાચક વિશેષણ દર્શાવતાં વાક્યો શોધીને લખો.

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ-અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો.**

(1) 'વલયની અવકાશી સફર' પાઠમાંનો મિત્રોનો અનુભવ કયા માસનો હતો ? ☐

(ક) એપ્રિલ (ખ) જૂન (ગ) મે (ઘ) જુલાઈ

(2) રાતા રંગથી ઝળાંહળાં રચનાનો આકાર કેવો હતો ?
(ક) સમચોરસ (ખ) લંબચોરસ (ગ) ગોળ (ઘ) લંબગોળ

(3) ત્રણેય મિત્રો કયા ગ્રહ ઉપર હતા ?
(ક) ચંદ્ર (ખ) સૂર્ય (ગ) ટિટાન (ઘ) વલય

(4) પૃથ્વી ઉપર કઈ ધાતુ મેળવવા પરગ્રહવાસીઓ જાસાચિઠ્ઠી મોકલવાના હતા ?
(ક) પેટ્રોલિયમ માટે (ખ) યુરેનિયમ માટે (ગ) ચાંદી માટે (ઘ) સોના માટે

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો.**

(1) ઉનાળાના વૅકેશનમાં વલયની અગાશીમાં કોણ-કોણ સૂતા હતા ?
(2) વિસ્મયે અંધારા આકાશમાં શું જોયું ?
(3) વિસ્મય, વિરાટ અને વલયમાં કઈ સમાન બાબતો હતી ?
(4) વિરાટનો હાથ પકડી વિસ્મયે શું કહ્યું ?

**3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

(1) પરગ્રહનું યાન કેવું લાગતું હતું ? વર્ણન કરો.
(2) પરગ્રહવાસીનું શરીર કેવું લાગતું હતું ?
(3) ટૉર્ચના પ્રકાશથી પરગ્રહવાસી ઉપર શી અસર થઈ ?
(4) ત્રણેય મિત્રોના જીવ પાછળ કેમ ખેંચાવા લાગ્યા ?

V7U9Z4

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

(1) શનિના ઉપગ્રહ ટિટાન ઉપર રાતો પ્રકાશ શા માટે છે ?
(2) પરગ્રહવાસી બૉસ પૃથ્વીવાસીઓને કેવી જાસાચિઠ્ઠી મોકલવા માંગતો હતો ?
(3) વલય અને તેના મિત્રો પરગ્રહવાસીઓના કબજામાંથી કેવી રીતે છૂટ્યા ?

**2. નીચે આપેલાં વાક્યો કોણ બોલે છે તે લખો.**

(1) ‘અરે, આ વગર દિવાળીએ રૉકેટ કોણે ફોડ્યું વળી !’
(2) ‘આ... આવું મોટું પ્રકાશિત ગોળા જેવું શું હશે ?’
(3) ‘આ કોઈ બીજા ગ્રહનું યાન લાગે છે.’

(4) ‘હું નીચે જઈ મારા મમ્મી, પપ્પા અને કાકાને જગાડું ?’

(5) ‘મોટાઓ આપણે માનીએ તેટલાં નીડર નથી હોતા !’

(6) ‘તો, અમે પૃથ્વી પરથી સમગ્ર માનવજાતનું નિકંદન કાઢી નાખીશું !’

(7) ‘ઊઠને, જો કેટલો દિવસ ચઢી ગયો !’

**3. પાઠમાં આવતા અવકાશ-વિજ્ઞાન અને અંગ્રેજી ભાષાના શબ્દો શોધો. આ શબ્દોનો અર્થ મેળવી વાક્યપ્રયોગ કરો.**

**4. તમને આવેલ સ્વપ્ન વિશે નોંધ લખો.**

**5. ખરાં-ખોટાંની નિશાની કરો.**

(1) ‘દિવ્ય સારો છોકરો છે.’ વાક્યમાં ‘સારો’ એ ગુણવાચક વિશેષણ છે.

(2) પ્રાંતિજ નાનું શહેર છે. વાક્યમાં ‘નાનું’ એ ક્રમવાચક વિશેષણ છે.

(3) દોડ-સ્પર્ધામાં તેનો ત્રીજો નંબર આવ્યો. વાક્યમાં ‘ત્રીજો’ એ ક્રમવાચક વિશેષણ છે.

(4) નિધિ સો રૂપિયા લઈ મેળામાં ગઈ. વાક્યમાં ‘સો’ એ સંખ્યાવાચક વિશેષણ છે.

**6. એકમાંથી અનેક શબ્દો બનાવો.**

આપેલા ઉદાહરણ મુજબ શબ્દના મૂળાક્ષરો પરથી નવો શબ્દ બનાવો.

**ભારત :** ભા = ભાવ, ર = રમત, ત = તલવાર

(1) આઝાદી – આ = ............... ઝા = ............... દી = ...............

(2) દેશસેવા – દે = ............... શ = ............... સે = ............... વા= ...............

(3) અફસર – અ = ............... ફ = ............... સ = ............... ર = ...............

(4) દાનત – દા = ............... ન = ............... ત = ...............

(5) અમીરી – અ = ............... મી = ............... રી = ...............

### પ્રવૃત્તિઓ

- શિક્ષકની અથવા તો વાલીની મદદથી ‘કોઈ મિલ ગયા’, ‘ક્રિશ’ અને ‘અવતાર’ જેવી હિન્દી ફિલ્મો નિહાળો.
- વર્તમાનપત્રોમાં આવતા અવકાશ-વિજ્ઞાનના લેખોનો સંગ્રહ કરી અંક તૈયાર કરો.
- અવકાશ-વિજ્ઞાનીઓની માહિતી એકત્ર કરી હસ્તલિખિત અંક તૈયાર કરો.

# પુનરાવર્તન 2

**1. નીચે આપેલા શબ્દોના અર્થ આપી તેનો વાક્યપ્રયોગ કરો.**

(1) સરિયામ
(2) વિલાસ
(3) અનાયાસે
(4) જીવનપાથેય
(5) શાખ
(6) સિંહલદ્વીપ

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

(1) ભીખુ એની મા પાસે શા માટે ખોટું બોલ્યો ?
(2) કાકાસાહેબનો વકીલને બદલે એન્જિનિયર થવાનો હેતુ શો હતો ?
(3) ભાભીએ દિયરને કેવું મહેણું માર્યું છે. ?
(4) 'નિરંતર ઉદ્યોગ એટલે બા' - એમ લેખક શા માટે કહે છે ?

**3. નીચેની કાવ્યપંક્તિ પૂર્ણ કરો.**

(1) તરિયાતોરણ ...........................................
........................................... ચરણ પખાળીએ જી રે.

(2) ઊંચેથી આરપાર ...........................................
........................................... વાછંટો રહેશે મકાનમાં.

**4. નીચેના રૂઢિપ્રયોગનો વાક્યપ્રયોગ કરો.**

(1) ઉગારી લેવું
(2) રાડ ફાટી જવી
(3) ગળગળા થવું
(4) ઉમેદ બર ન આવવી

**5. નીચે આપેલી કહેવતો સમજાવો.**

(1) દશેરાએ ઘોડું ન દોડવું
(2) મામાનું ઘર કેટલે દીવો બળે એટલે

**6. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

(1) જેનો પતિ હયાત છે તેવી સ્ત્રી
(2) તેજસ્વી વિદ્યાર્થીને અભ્યાસ માટે મળતી આર્થિક સહાય
(3) પવનથી ઊડેલા વરસાદના છાંટા
(4) ચાંદીનો રણકારવાળો સિક્કો
(5) તાલુકાનું વસૂલાત સંબંધી કામ કરનાર અમલદાર
(6) પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવનાર

7. **'......... અને હું પરીક્ષા ન આપી શક્યો'** એ છેલ્લું વાક્ય બને તેવી નાનકડી પ્રસંગવાર્તા લખો.

8. **સૂચના મુજબ કરો.**

(1) નીચે આપેલ શબ્દકોષ્ટકમાંથી વિશેષણ શોધીને તેની યાદી બનાવો.

(2) તમે શોધેલાં વિશેષણોનો વાક્યપ્રયોગ કરો.

(3) તમે બનાવેલાં વાક્યોમાં રહેલા વિશેષણની સામે તેનો પ્રકાર લખો.

(4) બધાં વાક્યોને ચોક્કસ ક્રમમાં ગોઠવી એક ફકરા સ્વરૂપે લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ભા | ઝ | ડ | પ | થી | આ | લા | લ |
| હો | લા | સ | સૂ | સ | વા | ટા | ઋ |
| શિ | ના | નો | સુ | છે | લ્લો | ખુ | તુ |
| યા | ફ | મો | ટો | જ | ગ | રી | બ |
| ર | ચ | પાં | દ | ડું | પ | ત્ર | ણ |
| ક | ના | નો | કા | ગ | વિ | નો | દ |
| પ | હે | લો | ળુ | ર | સ | ફે | દ |

9. **નીચે આપેલાં વાક્યો જે કાળમાં લખાયેલાં છે એના કરતાં જુદા કાળમાં લખો.**

(1) બચુડાના મામા મામલતદાર હતા.

(2) હું પરીક્ષામાં પહેલો નંબર લાવીશ.

(3) એ તો હિન્દુસ્તાનના પિતા હતા.

(4) સાંજના સાત થવા આવ્યા હતા.

(5) સાંજ થવા આવી છે.

10. **તમારા ગામનાં પાદર, નદી, તળાવ, ખળું, ખેતર વગેરેની મુલાકાત લો. આ બધામાં તમને ગમતા દૃશ્ય વિશે દસ વાક્યો લખો.**

• • •